dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-60 | AD-2025, Magshar Sud-13 | Wednesday, Dt.03-12-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


**કેન્દ્ર સરકારે તમામ મોબાઇલ કંપનીઓને ૯૦ દિવસની અંદર ભારત સરકારની સાયબર સુરક્ષા એપ્લિકેશન, સંચાર સાથી, બધા ફોન પર ઇન્સ્ટોલ કરવાનો નિર્દેશ આપ્યો હતો**

## સંચાર સાથી એપ ન જોઈતી હોય તો ડિલીટ કરી શકાય છે : કેન્દ્ર સરકારની સ્પષ્ટતા

નવીદિલ્હી,તા.૦૨



સંચાર સાથી એપને લઈને ચાલી રહેલા હોબાળા અને વિવાદ વચ્ચે, કેન્દ્ર સરકારે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. કેન્દ્રીય સંદેશાવ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું હતું કે, "જો તમને સંચાર સાથી એપ ન જોઈતી હોય, તો તમે તેને ડિલીટ કરી શકો છો. તે વૈકલ્પિક છે. તે દરેક માટે સુલભ બનાવવાની અમારી ફરજ છે. તેને તમારા ઉપકરણ પર રાખવી કે નહીં તે વપરાશકર્તા પર નિર્ભર છે." સંચાર સાથી એપ અંગે એવા અહેવાલો હતા કે તે બધા નવા ફોન પર ફરજિયાત છે અને વપરાશકર્તાઓ ઈચ્છે તો પણ તેને ડિલીટ કરી શકતા નથી. ૨૮ નવેમ્બરના રોજ, કેન્દ્ર સરકારે તમામ મોબાઈલ કંપનીઓને ૯૦ દિવસની અંદર ભારત સરકારની સાયબર સુરક્ષા એપ્લિકેશન, સંચાર સાથી, બધા ફોન પર ઈન્સ્ટોલ કરવાનો નિર્દેશ આપ્યો હતો. તેમણે તેમને એ પણ સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો હતો કે વપરાશકર્તાઓ પોતાની જાતે એપને ડિલીટ કે અનઈન્સ્ટોલ ન કરી શકે. જોકે, આ સમાચાર આવતાની સાથે જ વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા હતા, કોંગ્રેસ સહિત ઘણા વિપક્ષી નેતાઓએ આ પગલાને ગેરબંધારણીય અને જનતાના સ્વતંત્રતાના અધિકારનું ઉલ્લંઘન ગણાવ્યું હતું અને તેને રદ કરવાની માંગ કરી હતી. કેન્દ્ર સરકારે હવે સ્પષ્ટતા કરી છે કે વપરાશકર્તાઓ જો ઈચ્છે તો આ એપને ડિલીટ કરી શકે છે, અને તે સંપૂર્ણપણે વૈકલ્પિક છે. સરકારના મતે, આ નિર્દેશ પાછળનો હેતુ લોકોને સંચાર સાથી એપ દ્વારા છેતરપિંડીવાળા કનેક્શન, ચોરાયેલા ફોન અથવા ખોવાયેલા ફોનની જાણ કરવાનું સરળ બનાવવાનો હતો. આ એપ્લિકેશન સાયબર સુરક્ષામાં જનતા અને સરકાર માટે ખૂબ જ ઉપયોગી સાબિત થઈ છે. તે શંકાસ્પદ આઈએમઈઆઈ નંબરોની જાણ કરવા માટે પણ ઉપયોગી છે અને પોલીસને મદદ કરે છે. હાલના ઉપકરણો માટે, એવું કહેવામાં આવ્યું છે કે ઉત્પાદકો અને આયાતકારોએ ભારતમાં પહેલાથી જ ઉત્પાદિત અને હાલમાં વેચાણ પાઈપલાઈનમાં રહેલા ઉપકરણો માટે સોફ્ટવેર અપડેટ દ્વારા સંચાર સાથી એપ લાગુ કરવાની જરૂર પડશે. પાલન અહેવાલો અંગે, મોબાઈલ હેન્ડસેટના તમામ ઉત્પાદકો અને આયાતકારોએ નિર્દેશ જારી થયાના ૧૨૦ દિવસની અંદર ટેલિકોમ્યુનિકેશન વિભાગને અનુપાલન અહેવાલ સબમિટ કરવાની જરૂર રહેશે. આ એપ્લિકેશન અંગે રાજકારણીઓ તરફથી પ્રતિક્રિયાઓ પણ બહાર આવવા લાગી છે. કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું, "આ એક જાસૂસી એપ્લિકેશન છે. આ હાસ્યાસ્પદ છે. નાગરિકોને ગોપનીયતાનો અધિકાર છે. દરેક વ્યક્તિ પાસે સરકારને ધ્યાનમાં લીધા વિના પરિવાર અને મિત્રોને સંદેશા મોકલવાની ગોપનીયતા હોવી જોઈએ. તેઓ આ દેશને દરેક સ્વરૂપમાં સરમુખત્યારશાહીમાં ફેરવી રહ્યા છે. સંસદ કાર્યરત નથી કારણ કે સરકાર કોઈપણ મુદ્દા પર ચર્ચા કરવાનો ઈનકાર કરી રહી છે. વિપક્ષને દોષ આપવો ખૂબ જ સરળ છે. તેઓ કોઈપણ મુદ્દા પર ચર્ચા થવા દેતા નથી. સ્વસ્થ લોકશાહી ચર્ચાની માંગ કરે છે." કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીએ કહ્યું, "છેતરપિંડીની જાણ કરવા અને ભારતના દરેક નાગરિક તેમના ફોન પર શું કરી રહ્યો છે તે જોવા વચ્ચે ખૂબ જ પાતળી રેખા છે. તે આ રીતે કામ ન કરવું જોઈએ. છેતરપિંડીની જાણ કરવા માટે એક અસરકારક સિસ્ટમ હોવી જોઈએ. અમે સાયબર સુરક્ષા પર આ અંગે વ્યાપક ચર્ચા કરી છે. સાયબર સુરક્ષા જરૂરી છે, પરંતુ તેનો અર્થ એ નથી કે તે તમને દરેક નાગરિકના ફોનને ઍક્સેસ કરવાનું બહાનું આપે છે. મને નથી લાગતું કે કોઈપણ નાગરિક તેનાથી ખુશ થશે." કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે કહ્યું, "આ એપ્સ ઉપયોગી થઈ શકે છે, જો તે સ્વૈચ્છિક હોય. જેમને તેની જરૂર હોય તેઓ તેને ડાઉનલોડ કરી શકે છે.

## અયોધ્યાને વિશ્વ કક્ષાનું મંદિર સંગ્રહાલય બનાવવા બાવન એકર જમીન ફાળવવા યોગી સરકારનો નિર્ણય

લખનૌ,તા.૦૨



ઉત્તર પ્રદેશની યોગી સરકારે અયોધ્યામાં ભવ્ય રામ મંદિર સંગ્રહાલય બનાવવાનો નિર્ણય લીધો છે. કેબિનેટની બેઠકમાં ચર્ચા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. મંદિર સંગ્રહાલય કુલ ૫૨ એકર જમીન પર બનાવવામાં આવશે. વધુમાં, બાંધકામ કાર્ય ટાટા એન્ડ સન્સ દ્વારા હાથ ધરવામાં આવશે. અયોધ્યાને વૈશ્વિક સ્તરે માન્યતા આપતી ઐતિહાસિક દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે. અયોધ્યાના માઝા જામથરા વિસ્તારમાં ૫૨ એકર જમીન પર મંદિર સંગ્રહાલય બનાવવામાં આવશે. આ સંગ્રહાલય માત્ર કદમાં મોટું નહીં હોય, પરંતુ ગુણવત્તા અને બાંધકામમાં આંતરરાષ્ટ્રીય ધોરણોનું પણ પાલન કરશે. રાજ્ય સરકાર અયોધ્યામાં સતત અસંખ્ય બાંધકામ પ્રોજેક્ટ્સ ચલાવી રહી છે. આનાથી ભવિષ્યમાં રાજ્યના લોકોને ફાયદો થશે જ, પરંતુ શહેરની મુલાકાત લેતા પ્રવાસીઓને પણ સુવિધા મળશે. આને ધ્યાનમાં રાખીને બાંધકામ કાર્ય હાથ ધરવામાં આવી રહ્યું છે. આ સરકારી પહેલ માત્ર અયોધ્યાનો વિકાસ જ નહીં પરંતુ ભવિષ્યમાં રોજગારીની નવી તકો પણ ઉભી કરશે.અયોધ્યામાં બનનારા મંદિર સંગ્રહાલયને ખાસ કરીને ભાવિ પેઢીઓને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવશે. આ સંગ્રહાલયમાં, સામાન્ય લોકો સનાતન પરંપરાને સરળતાથી સમજી શકશે. વધુમાં, સંગ્રહાલય વિવિધ વિષયો પર વિગતવાર માહિતી પ્રદાન કરશે, જેમાં વેદ, પુરાણો અને પ્રાચીન ભારતીય સાહિત્યનું મહત્વ, ભારતની સમૃદ્ધ મંદિર સ્થાપત્ય અને તેના સાંસ્કૃતિક વારસાનો સમાવેશ થાય છે. યોગી સરકારે હવે આ પ્રોજેક્ટને મંજૂરી આપી છે. અયોધ્યામાં મંદિરનું નિર્માણ પૂર્ણ થયું છે. તાજેતરમાં જ, અહીં ધર્મ ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો.

## યુપીના બલરામપુરમાં ટ્રક સાથે અકસ્માત બાદ બસમાં આગ લાગતા ત્રણ ભડથું : ૨૪ દાઝયા

લખનૌ,તા.૦૨



યુપીના બલરામપુરમાં ટ્રકની ટક્કર બાદ બસમાં આગ લાગી ગઈ, જેમાં ૩ લોકો જીવતા સળગી ગયા અને ૨૪ દાઝ્યા હતા. તેમાંથી ૬ની હાલત ગંભીર છે. બસ નેપાળ બોર્ડર પાસે સુનૌલીથી રવાના થઈ હતી અને દિલ્હી જઈ રહી હતી. બસમાં ૪૫ મુસાફરો સવાર હતા. મોટાભાગના નેપાળના હતા. બસના ડ્રાઈવર અને કંડક્ટરનો હજુ સુધી પત્તો લાગ્યો નથી. ટક્કર એટલી ભયાનક હતી કે બસ ઘસડાતી ૧૦૦ મીટર દૂર હાઈટેન્શન લાઈનવાળા વીજળીના થાંભલા સાથે અથડાઈ. થાંભલો તૂટીને બસ પર પડ્યો હતો જેથી બસમાં કરંટ લાગ્યો હતો. શોર્ટ સર્કિટ થયું અને આગ લાગી ગઈ હતી.

જોતજોતામાં બસ આગનો ગોળો બની ગઈ. મુસાફરો અંદર જ ફસાઈ ગયા. જીવ બચાવવા માટે કાચ તોડીને બહાર કૂદવા લાગ્યા. ઘટનાસ્થળે ચીસાચીસ મચી ગઈ. કોઈક રીતે બહાર નીકળેલા મુસાફરોએ પોલીસને જાણ કરી. ફાયર બ્રિગેડની ટીમો પણ ઘટનાસ્થળે પહોંચી. તેમણે આગ બુઝાવવાનું કામ શરૂ કર્યું હતુ. ઈજાગ્રસ્તોને તાત્કાલિક એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા. ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને બહરાઈચ મેડિકલ કોલેજમાં રિફર કરવામાં આવ્યા છે. નજરેજોનારે જણાવ્યું કે મોટાભાગના મુસાફરો જેમ-તેમ કરીને બસમાંથી બહાર આવ્યા હતા. પરંતુ, કેટલાક અંદર જ ફસાયેલા રહ્યા. બાદમાં બસમાંથી ૩ મૃતદેહો મળી આવ્યા હતા.. જેમાંથી ૨ ખરાબ રીતે સળગી ગયા હતા.

## પ્રધાનમંત્રી મોદીનું કાર્યાલય હવે 'સેવાતીર્થ'ના નામથી ઓળખાશે

નવીદિલ્હી,તા.૦૨



પ્રધાનમંત્રી કાર્યાલય (પીએમઓ)નું નામ બદલી હવે સેવાતીર્થ કરી દીધું છે. પ્રધાનમંત્રી કાર્યાલય ટૂંક સમયમાં સાઉથ બ્લોકની પોતાની જૂની ઓફિસમાંથી નીકળી નવા સેવા તીર્થ કોમ્પ્લેક્સમાં શિફ્ટ થઈ જશે. આ મોટો બદલાવ દાયકાઓ બાદ થઈ રહ્યો છે. નવું પીએમઓ સેવા તીર્થ-૧થી કામ કરશે, જે એક્ઝીક્યૂટિવ એન્ક્લેવ-૧માં બનેલા ત્રણ આધુનિક બિલ્ડિંગમાંથી એક છે. આ કોમ્પ્લેક્સનું સેવા તીર્થ-૨ અને સેવા તીર્થ-૩ ઈમારતોમાં કેબિનેટ સેક્રેટરિએટ અને નેશનલ સિક્યોરિટી એડવાઈઝરની ઓફિસ હશે. આ શિફ્ટિંગ શરૂ થઈ ચૂક્યું છે અને ૧૪ ઓક્ટોબરના રોજ કેબિનેટ સેક્રેટરી ટીવી સોમનાથને ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ અને ત્રણેય સેનાના પ્રમુખો સાથે સેવા તીર્થ-૨માં એક મહત્ત્વની બેઠક બોલાવી હતી. આ નવું કોમ્પ્લેક્સ સરકારી કામકાજને વધારે ઝડપી બનાવશે અને ભારત સરકારના કામ કરવાની રીતમાં એક નવો અધ્યાય લખશે. આ નવું સેવા તીર્થ કોમ્પ્લેક્સ વાયુ ભવન પાસે એક્ઝીક્યૂટિવ એન્ક્લેવ-૧માં બનાવવામાં આવ્યું છે. તેમાં ત્રણ શાનદાર ઈમારતો છે. તેમાંથી પહેલી ઈમારત સેવા તીર્થ-૧, પ્રધાનમંત્રી કાર્યાલયનું નવું ઘર બનશે. આ સાઉથ બ્લોકથી દાયકાઓ બાદ થઈ રહેલો એક મોટો ફેરફાર છે. બાકીની બે બિલ્ડિંગમાં સેવા તીર્થ-૨ અને સેવા તીર્થ-૩ પણ આ કોમ્પ્લેક્સનો ભાગ હશે. સેવા તીર્થ-૨માં કેબિનેટ સેક્રેટરિએટની ઓફિસ હશે. આ એ જ જગ્યા છે, જ્યાં સરકારના મોટા નિર્ણય થાય છે. સેવા તીર્થ-૩માં નેશનલ સિક્યોરિટી એડવાઈઝરની ઓફિસ હશે. એનએસએ દેશની સુરક્ષા સાથે જોડાયેલા મહત્ત્વના મુદ્દા જોવે છે. આ શિફ્ટિંગનું કામ હવે શરૂ થઈ ચૂક્યું છે. હાલમાં ૧૪ ઓક્ટોબરના રોજ કેબિનેટ સેક્રેટરી ટીવી સોમનાથને એક મહત્ત્વની બેઠક બોલાવી હતી. આ બેઠકમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ અને ત્રણેય સેનાના પ્રમુખો પણ સામેલ હતા. આ બેઠક સેવી તીર્થ-૨માં થઈ હતી, જે દેખાડે છે કે કામ ઝડપથી આગળ વધી રહ્યું છે.











## મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમાર આંતરરાષ્ટ્રીય આઈડીઈએના પ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળશે

નવીદિલ્હી,તા.૦૨

મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમાર ૩ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ સ્વીડનના સ્ટોકહોમમાં ભારત વતી ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર ડેમોક્રેસી એન્ડ ઈલેક્ટોરલ આસિસ્ટન્સ (ઈન્ટરનેશનલ આઈડીઈએ) ના પ્રમુખનું પદ સંભાળશે. આ ભારતના ચૂંટણી પંચ અને ભારતમાં તમામ ચૂંટણી કર્મચારીઓ દ્વારા યોજાતી મુક્ત, ન્યાયી અને પારદર્શક ચૂંટણીઓની વૈશ્વિક માન્યતાને પ્રતિબિંબિત કરશે. ૧૯૯૫ માં સ્થાપિત ઈન્ટરનેશનલ આઈડીઈએ એક આંતર-સરકારી સંસ્થા છે. હાલમાં તેમાં ૩૫ સભ્ય દેશો છે, જેમાં યુનાઈટેડ સ્ટેટ્સ અને જાપાન નિરીક્ષક દેશો છે. (સભ્ય દેશો અને તેમના સંબંધિત ચૂંટણી જૂથોની યાદી જોડાયેલ છે). ઈન્ટરનેશનલ આઈડીઈએ ૨૦૦૩ થી સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં નિરીક્ષકનો દરજ્જો ધરાવે છે. ભારત ઈન્ટરનેશનલ આઈડીઈએનો સ્થાપક સભ્ય છે અને શાસન પ્રક્રિયાઓમાં સક્રિયપણે ભાગ લીધો છે અને ચૂંટણી સંશોધન, ક્ષમતા નિર્માણ અને તાલીમ કાર્યક્રમોમાં યોગદાન આપ્યું છે.




સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
બુધવાર, તા.૦૩-૧૨-૨૦૨૫

# જિલ્લા વિજેતા શ્લોક ગાન સ્પર્ધામાં ગજેરા કેમ્પસ–વિદ્યાસભાના વિજેતા વિદ્યાર્થીઓનું સન્માન

અમરેલી, તા.૦૨

અમરેલી ખાતે ઉજવાયેલ ૫૧૬૨મી ગીતા જયંતિ મહોત્સવ અંતર્ગત જિલ્લાસ્તરીય શ્લોક ગાન સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિશિષ્ટ સ્થાન મેળવનાર ગજેરા કેમ્પસ–વિદ્યાસભા સંચાલિત જ્ઞાન શક્તિ રેસીડેન્શિયલ સ્કૂલ ઓફ એક્સેલન્સના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે અમરેલી જિલ્લા શિક્ષણાધિકારી એમ. બી. ગોહિલ, શાસનાધિકારી આશિષભાઈ જોશી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોશી વગેરે અગ્રણી મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. વિજેતા સોલંકી ઝંખના, ચુડાસમા યશવી, વણઝાર વંદના, લાડુમોર તનુષા, કાચેલા યશ્વી ભરતભાઈ, ખેર રંભા, ભેસાણીયા ચારમી, સરવૈયા શિવાની, સરવૈયા વૈનવી, પટોળીયા વિદાશી, લાખોણીયા ઓમ, પુરોહિત રીયા, વાઘેલા પ્રદીપ, ટાંક જયદીપ, ગોઢાણીયા ગૌતમ,




ભૂકણ અનિરુદ્ધ, વાઘાણી ચાંદની, સોલંકી અંતરા, લુણાગરિયા કેનિશા, વાળંદ અદિતિ, દેવધારીયા ક્રિષ્ના, હરીપરા વૃંદા જ્ઞાન શક્તિ-૧ શાળાના વિદ્યાર્થી તેમજ ૧)સોલંકી પ્રતિક્ષા ૨) સરધારા ચાંદની, ૩)પટોળીયા સુહાની, ૪)વનાળીયા માનસી,૫) હિરપરા ધ્રુવલ ૬)ગોસ્વામી પ્રશાંતગિરી,૭) ખાણીયા રવિ ૮) કુકવા કરણ ૯)મકવાણા શની, ૧૦) મહતો ચંદન ૧૧)ચુડાસમા નમ્રતા ૧૨)વાળા અંજલી ૧૩)લંકી મહેક ૧૪)વાળા ઉર્વીશા જ્ઞાન શક્તિ-૨ શાળાના વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ આયોજનમાં સહકાર આપનાર તમામ શિક્ષકો, સંસ્થા અને પરિવારોનો પણ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ સિદ્ધિ બદલ તમામ વિદ્યાર્થીઓને સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખુંટ, મનસુખભાઈ ધાનાણી, કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

# ધારીના ત્રંબકપુર ગામે બાળકીને ફાડી ખાનાર દીપડો પાંજરે પુરાયો

અમરેલી,તા.૦૨

ધારી તાલુકાના ત્રંબકપુર ગામ નજીક થોડા દિવસો પહેલાં પરપ્રાંતિય પરિવારની દીકરી પર હુમલો કરનાર દીપડાને વન વિભાગે આબાદ ઝડપી લીધો છે.

આ ઘટના બાદ વન વિભાગની ટીમે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. વન વિભાગ દ્વારા આ દીપડાને પકડવા માટે ગામની આસપાસ ૬થી વધુ પાંજરાં ગોઠવવામાં આવ્યા હતા. આખરે, લોકોને ભયભીત કરનાર આ દીપડો વન વિભાગે ગોઠવેલા પાંજરામાં કેદ થયો હતો. દીપડો પકડાતાં ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો છે. વન વિભાગ દ્વારા



દીપડાને હવે સલામત સ્થળે અથવા તો અન્ય સ્થળે રાખવાની વનવિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

# રાજુલાની ગર્લ્સ હાઈસ્કુલની વિદ્યાર્થીની સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં તાલુકામાં પ્રથમ ક્રમે

રાજુલા,તા.૦૨

રાજુલા શહેરની ટી.જે. બી.એસ. ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાથીની મીરા બોરીસાગર (ધોરણ ૧૨)એ ગાયત્રી પરિવાર દ્વારા પ્રતિવર્ષ યોજાતી ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં નોંધપાત્ર સફળતા મેળવી છે. મીરાબેને આ પરીક્ષામાં તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમ મેળવ્યો હતો. ત્યારબાદ તેમણે જિલ્લામાં યોજાયેલી સ્પર્ધામાં તૃતીય સ્થાન પ્રા પ્ત કર્યું હતું. આ સમગ્ર સફળતા પાછળ શાળાનાં શિક્ષિકા ગીરાબેન ત્રિવેદીનું માર્ગદર્શન મહત્વપૂર્ણ રહ્યું હતું. સીમાબેન પંડ્યા-જોષી, આચાર્યએ મીરાબેન તેમજ માર્ગદર્શિકા બહેનોને અભિનંદન સાથે સન્માન




વ્યક્ત કરતાં જણાવ્યું કે આ સિદ્ધિ અન્ય વિદ્યાર્થીનીઓ માટે પ્રેરણાસ્ત્રોતરૂપ છે.

# વિશ્વ એઈડસ દિન નિમિત્તે અમરેલી જિલ્લા જેલ ખાતે જાગૃતિ કાર્યક્રમ

**બંદીવાન ભાઈઓ વચ્ચે ક્વિઝ હરીફાઈ પણ યોજવામાં આવી**

અમરેલી,તા.૦૨

વિશ્વ એઈડ્સ દિવસ નિમિત્તે અમરેલી જિલ્લા જેલ ખાતે સ્ટેટ એઈડ્સ કંટ્રોલ સોસાયટી અને ICTC અમરેલીના 'GSNP+ જેલ ઈન્ટરવેન્શન પ્રોગ્રામ' ના સંયુક્ત ઉપક્રમે બંદીવાન ભાઈઓ માટે એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન



કરવામાં આવ્યું હતું.કાર્યક્રમમાં જેલના કુલ ૫૫ બંદીવાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે તમામ બંદીવાનોને રેડ રીબીન બાંધીને HIV/AIDS અંગે સાચી સમજ કેળવાય અને ગેરમાન્યતાઓ દૂર થાય તે માટે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. વક્તાઓએ HIV અને AIDS વચ્ચેનો તફાવત, તેના ફેલાવાના કારણો, અને સારવાર અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. જાગૃતિના ભાગરૂપે આયોજિત ક્વિઝ કોમ્પિટિશનમાં ૧, ૨ અને ૩ નંબર પ્રાપ્ત કરનાર વિજેતા બંદીવાનોને પ્રોત્સાહન રૂપે ગિફ્ટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. અમરેલી જિલ્લા જેલના અધિક્ષક જાડેજા અને જેલર ચાનીયાના સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં DTHO ડો. કુરેશી, સિવિલ હોસ્પિટલના ICTC અને SSK ટીમમાંથી રેખાબેન ધડુક, લેબ ટેકનીશિયન પ્રજ્ઞાબેન, વિજયભાઈ મકવાણા, અને GSNP+ ના પ્રિઝન પ્રોજેક્ટ કોર્ડીનેટર સુરજભાઈ કાનાણી ઉપસ્થિત રહ્યા હતા. તમામ અધિકારીઓએ બંદીવાનોને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહેવા અને સામાજિક ભેદભાવ દુર કરવા અનુરોધ કર્યો હતો.

**ફર્લો રજા મળ્યા બાદ અમદાવાદ મધ્યસ્થ જેલમાં હાજર થવાને બદલે ભાગી જતા**

# ખાંભા પોલીસ સ્ટેશનના આરોપીને ગોવાથી અમરેલી એલસીબીએ ઝડપી પાડ્યો

**આરોપી પરેશ જોગદીયા હત્યાના ગુનામાં આજીવન સજા ભોગવતો હતો**

અમરેલી,તા.૦૨

અમરેલી એલ.સી.બી.એ ગોવા રાજ્યના મારગાંવ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ફરાર કેદી પરેશ ઉર્ફે પાંચાભાઈ રાજાભાઈ જોગદીયા (રહે. કાતર, તા. રાજુલા, જિ. અમરેલી)ને પકડી પાડ્યો છે.પરેશ જોગદીયા ખાંભા પોલીસ સ્ટેશનના IPC



કલમ 302 મુજબના ગુનામાં અમદાવાદ મધ્યસ્થ જેલમાં આજીવન કેદની સજા ભોગવી રહ્યો હતો. તેને 06/09/2025 થી 21/09/2025 સુધી 16 દિવસની ફર્લો રજા મળી હતી, પરંતુ તે 21/09/2025 ના રોજ જેલમાં હાજર થવાને બદલે ફરાર થઈ ગયો હતો.એલ.સી.બી. પોલીસ ઈન્સ્પેક્ટર વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ, ટેક્નિકલ સોર્સ અને બાતમીના આધારે એલ.સી.બી. ટીમે તેને શોધી કાઢ્યો હતો. પકડાયેલા કેદીને અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે મોકલી દેવાયો છે.આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

# પીપાવાવ મરીન પોલીસના વાહનને અકસ્માત

જાફરાબાદ, તા.૦૨

પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનના અધિકારીઓ તપાસ અર્થે જઈ રહ્યા હતા તે દરમિયાન દાતરડી ગામ નજીક નેશનલ હાઈવે પર નીલ ગાયઅચાનક રોડ પર આવી જતાં સરકારી વાહન અકસ્માતનો ભોગ બન્યું હતું. આ ઘટનામાં બોલેરો વાહનને આશરે રૂ.૧,૦૦,૦૦૦ જેટલું નુકસાન થયું હતું.

તા. ૦૧/૧૨/૨૦૨૫ ના રોજ બપોરે ૧૪:૫૦ કલાકે, પીપાવાવ મરીન પોલીસ સ્ટેશનના ઈ.ચા. પોલીસ ઈન્સ્પેક્ટર એ.આર. છોવાળા અને પો. કોન્સ. સંજયભાઈ ચાવડા સરકારી વાહન બોલેરો લઈને એક કેસની તપાસ માટે નીકળ્યા હતા. બપોરે ૧૫:૨૫ કલાકે, જ્યારે તેઓ દાતરડી ગામે નેશનલ હાઈવે નં. ૫૧ ના બાયપાસના પુલ પાસે પહોંચ્યા, ત્યારે અચાનક રોડ ઉપર જમણી બાજુએથી નીલ ગાય આવી ગઈ હતી. અચાનક આવેલી નીલ ગાય બોલેરો (GJ-૧૪ GA-૧૩૮૮) સાથે જોરદાર રીતે અથડાતા વાહનના આગળના ભાગમાં ભારે નુકસાન થયું હતું. અંદાજ મુજબ, આ સરકારી બોલેરોને આશરે રૂ.૧,૦૦,૦૦૦નું નુકસાન થયું હોવાનું નોંધાયું હતું. સદનસીબે, આ અકસ્માતમાં પોલીસ અધિકારીઓનો આબાદ બચાવ થયો હતો.







# દામનગર સાહિત્ય જગતની શાન: શ્રી મણિભાઈ પુસ્તકાલયની BAPSના સંતોએ મુલાકાત લીધી

દામનગર, તા.૦૨

દામનગર સ્થિત સૈકા જૂની સાહિત્ય સંસ્થા અને 'સાહિત્ય જગતની શાન' ગણાતી શ્રી મણિભાઈ સાર્વજનિક પુસ્તકાલયની BAPS સંસ્થાન, નડિયાદના વરિષ્ઠ સંતોએ મુલાકાત લીધી હતી. BAPSના વરિષ્ઠ સંતો રંગ સ્વામી અને અમૃતવત્સલદાસજીએ પુસ્તકાલયની મુલાકાત લીધી હતી. પુસ્તકાલયમાં પધારેલા સંતોનું પ્રમુખ હરજીભાઈ નારોલા, મંત્રી નટુભાઈ ભાતિયા સહિત સમગ્ર ટ્રસ્ટી મંડળ અને અગ્રણીઓએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

સંતોએ પુસ્તકાલયના તમામ વિભાગો અને તેની અજોડ સુવિધ્યાઓનું કલાકો સુધી નિરીક્ષણ કર્યું હતું. પુસ્તકાલયની ૩૬૫ દિવસ ખૂલ્લી રહેતી, કોઈપણ શુલ્ક વિનાની અને વિષયવાર પુસ્તકોની વિશાળ શૃંખલા જોઈ તેઓ ખૂબ પ્રભાવિત થયા હતા. તેમણે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વાચકો માટેના સ્ટડી રૂમની વ્યવસ્થાની વિશેષ નોંધ લીધી હતી. વરિષ્ઠ સંત રંગ સ્વામીએ શ્રી મણિભાઈ પુસ્તકાલયને 'માનવ સાગરમાં ઊભી કરાયેલ દીવાદાંડી' સમાન ગણાવી હતી. સંતોએ સંતોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, "હજારો



મહાપુરુષોના વિચારોનો સંગ્રહ એટલે જોઈતું વરદાન આપવા સમર્થ સંસ્થાન. મુલાકાતને અંતે તેમણે 'જ્ઞાન એ આકાશ છે, પુસ્તકો ચળકતા તારાઓ છે' નો સુંદર સંદેશ આપ્યો હતો.




## :: જાહેર જનતા જોગ નોટીસ ::

અમોના અસીલ મુકેશભાઈ પરશોતમભાઈ પરમાર રહે. દામનગર, તા.લાઠી, જિ.અમરેલી હાલ રહે. પ્લોટ નંબર :૬૬, ચંદ્રૌદય પાર્ક સોસાયટી અકવાડા ભાવનતર પીન કોડ - ૩૬૪૦૦૨ મો.૯૯૨૪૫ ૦૬૬૭૭ ની જાહેર સુચના અને ફરમાઈશથી આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દામનગર ગામે સીટી સર્વે નંબર :૩૪૭ની જમીન અમોના અસીલ મુકેશભાઈ પરશોતમભાઈ પરમારે વેચાણ કરનાર: નાનજીભાઈ રામજીભાઈ ગોહેલ પાસેથી રજી દસ્તાવેજ નંબર :૪૮૮ તા.૨૫/૩/૨૦૧૧ ના રોજ અમોના અસીલના નામે ખરીદ કરી લાઠી ગામની સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે દસ્તાવેજ નોધાવેલ હતો. ત્યારથી ઉપરોકત મીલ્કતના અમોના અસીલ કાયદેસરના માલીક છે.

તેવા સંજોગોમાં અમોના અસીલની આ જમીન મીલ્કતનો ઉપરોકત અસલ દસ્તાવેજ અમોના અસીલના ઘરેથી અથવા અન્ય જગ્યાએ ખોવાયેલ હોય આ અંગે તેથી સઘન શોધખોળ કરતા મળી આવેલ નથી. ઉપરોકત મીલ્કત અંગેનો અમારી માલીકીનો રજી. દસ્તાવેજ નંબર :૪૮૮ તા.૨૫/૩/૨૦૧૧ ના રોજ કરેલ હતો તે સદર દસ્તાવેજ ખોવાયેલ હોય તે જે કોઈને મળે હોય તો તેઓએ અમોના અસીલના નીચેના સરનામે પહોંચાડી આપવો. અને તેમ છતા કોઈને મળેલ હોય અને તેમના પાસે રાખી આ દસ્તાવેજનો ગેર કાયદેસર ગેર ઉપયોગ કરી કોઈપણ કચેરીમાં રજુ કરી ઉપયોગ કરશે તો તેમની સામે કાયદેસરની કાનુની કાર્યવાહી અમોના અસીલને કરવાની ફરજ પડશે. અને તેના ખર્ચ અને તમામ પ્રકારા પરીણામની તમામ જવાબદારી જેમણે અમારા અસીલનો દસ્તાવેજ રાખેલ હોય તેમની રહેશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**તા.૨/૧૧/૨૦૨૫**
**સ્થળ દામનગર**

**અસીલનું નામ અને સરનામુઃ**
**મુકેશભાઈ પરશોતમભાઈ પરમાર**
**પ્લોટ નંબર :૬૬, ચંદ્રૌદય પાર્ક સોસાયટી**
**અકવાડા ભાવનગર પીન કોડ:૩૬૪૦૦૨ મો.૯૯૨૪૫ ૦૬૬૭૭**

**વકીલશ્રી**
**રીઝવાન આર ચુડાસમા**
**ઠે.નગરપાલીકા શોંપીગ સેન્ટર**
**મુ.દામનગર, તા.લાઠી**

## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૨૧૫/૨૦૨૫

અરજદાર :- શ્રી બાબુભાઈ લવજીભાઈ જાવિયા
રહે. ઉમિયા કૃપા કેનેરા બેંક પાસે, માણેકપરા શેરી નં.૩,
અમરેલી, તા.જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળાઃ- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. નાના આંકડિયા, તા.જી.અમરેલી

## -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના નાના આંકડિયા ગામમાં અરજદારશ્રી બાબુભાઈ લવજીભાઈ જાવિયા તેઓના બેન ઈન્દુબેન ડાયાલાલ જાવિયાની જન્મ(તા.૦૧/૦૬/૧૯૬૮) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી,**
**એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

### ૧૪ વર્ષ પહેલા પતિએ લાઠી પોલીસ સ્ટેશનમાં ગુમ અંગે ફરિયાદ નોંધાવી હતી

# લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગૂમ થયેલ મહિલા અને બાળકીઓને શોધી કાઢતી એલસીબી

**મહિલા પોતાના પતિ સાથે અણબનાવ થતા બાળકીઓને લઈ નિકળી ગઈ હતી**

અમરેલી,તા.૦૨

રાજય પોલીસ વડા દ્વારા ગૂમ કે અપહરણ થયેલ ઈસમોને શોધી કાઢવા માટે ખાસ ડ્રાઈવનું આયોજન કર્યુ છે.

જેથી અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા આ ઝુંબેશ અન્વયે અમરેલી જિલ્લામાંથી ગૂમ કે અપહરણ થયેલ લોકોને શોધી કાઢવા માટે તમામ પોલીસ અને એલસીબીને સુચના આપી છે. જેમાં અમરેલી એલસીબી પીઆઈ વી.એમ.કોલાદરાના માર્ગદર્શન નીચે લાઠી પોલીસ સ્ટેશનમાં ૧૪ વર્ષ પહેલા ગૂમ થયેલ મહીલા અને તેની બે બાળકીનોએ શોધી કાઢવામાં સફળતા મેળવી છે. લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા મંજુલાબેનને લગ્નજીવન દરમિયાન પતિ સાથે મતભેદ થતા મંજુલાબેન પોતાની બંને બાળકીઓને લઈ ક્યાંક ચાલ્યા ગયા હતા. જેથી તેમના પતિએ લાઠી પોલીસ સ્ટેશનમાં તા.૧૨-૦૩-૨૦૧૧ના રોજ ગૂમ અંગેની ફરિયાદ નોંધાવી હતી. અમરેલી એલસીબીએ પોતાના ટેકનીકલ સોર્સ અને બાતમીને આધારે ૧૪ વર્ષ પહેલા ગૂમ થયેલ મંજુલાબેન અને તેની બંને પુત્રીઓને શોધવામાં સફળતા મેળવી છે.



**બંને પુત્રીઓ હાલ ૨૫ અને ૨૪ વર્ષની**

લાઠી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગૂમ થયેલા મંજુલાબેન પોતાની બંને દિકરીઓને લઈ ક્યાંક જતા રહેલા ત્યારે બંને દિકરીઓની ઉંમર ૧૦ અને ૯ વર્ષની હતી. એલસીબીએ મંજુલાબેન અને તેની દિકરીઓને શોધી કાઢતા હાલ બંને દિકરીઓ ૨૫ અને ૨૪ વર્ષની છે. મંજુલાબેન ગૂમ થયા બાદ બ્યુટીપાર્લર અને રસોઈકામમાં જઈ પોતાનુ ગુજરાન ચલાવતા હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યુ છે.

# રાજુલાની દેવકા વિદ્યાપીઠમાં 'શ્રીમદ્ ભગવદ્ ગીતા જન્મજયંતિ'ની ભક્તિભાવસભર ઉજવણી



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૦૨

ભાઈશ્રી રમેશભાઈ ઓઝા સ્થાપિત વ્રજ ભાગીરથી ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એક્સલન્સ, દેવકા વિદ્યાપીઠ ખાતે તા. ૦૧/૧૨/૨૦૨૫ ને સોમવારના રોજ શ્રીમદ્ ભગવદ્ ગીતા જન્મજયંતિની ભાવભીની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સમગ્ર પરિસર ગીતા મહિમા અને દિવ્ય ગાનથી ગુંજી ઉઠ્યું હતું.

કાર્યક્રમનો શુભારંભ ભગવદ્ ગીતાજીના પૂજન સાથે થયો હતો. ત્યારબાદ વિદ્યાર્થિનીઓ દ્વારા ૧૨મા અધ્યાય (ભક્તિ યોગ)નું સમૂહ સંગીતમય પારાયણ કરવામાં આવ્યું હતું. આ પવિત્ર અવસરે વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષા પ્રત્યે પ્રેમ વધે અને તેઓ ગીતાના તાત્વિક મર્મને સમજે તે હેતુથી સંસ્કૃત ક્વિઝ, પઝલ અને રંગ પૂરણી જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત પ્રતાપભાઈ ઠાકરે વિદ્યાર્થીઓને ગીતાના શ્લોકોમાં રહેલા જીવનમૂલ્યો સરળ ભાષામાં સમજાવી ધર્મ અને કર્તવ્યના માર્ગે ચાલવાની પ્રેરણા આપી હતી. શાળાના આચાર્યા બેલાબેન નાયકે આધુનિક યુગમાં ગીતાનું મહત્વ સમજાવી ચારિત્ર્ય નિર્માણ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના ડાયરેક્ટર હરેશભાઈ જેઠવા, સુપરવાઈઝર અશોકભાઈ સાવલિયા તથા કોમલબેન ઓઝા ઉપસ્થિત રહ્યા હતા. સંસ્કૃત શિક્ષક સાગરભાઈ જોશીના પ્રયાસોથી આ આયોજન સફળ રહ્યું હતું. અંતમાં, ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ આશીર્વચન પાઠવતા ગીતા જ્ઞાનને જીવનમાં ઉતારવાની શીખ આપી હતી.

# તળાજાના લીલીવાવમાં સાવરકુંડલાની પરિણીતા પર સાસરિયાએ ત્રાસ આપ્યો

**પરિણીતાએ સાવરકુંડલા ટાઉન પોલીસમાં સાસરીયાઓ સામે ફરિયાદ નોંધાવી**

સાવરકુંડલા, તા.૦૨

સાવરકુંડલામાં રહેતી એક પરિણીતાના લગ્ન તળાજાના લીલીવાવમાં રહેતા યુવક સાથે થયા હતા. લગ્ન બાદ પરિણીતા પર સાસરિયાએ સિતમ ગુજાર્યો હતો. મીતાલીબેન હરમીતભાઈ ડોડીયા (ઉ.વ.૨૪)એ પતિ હરમીતભાઈ ભરતભાઈ ડોડીયા, સસરા ભરતભાઈ સવજીભાઈ ડોડીયા, સાસુ મીનાબેન ભરતભાઈ ડોડીયા સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ તેમને અવાર નવાર ઘરકામ તેમજ કરીયાવર બાબતે મેણાટોણા મારી હેરાન પરેશાન કરી હતી. તેમજ શારીરીક માનસીક દુઃખ ત્રાસ આપી ગાળો આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.એલ.મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલાની વિદ્યાર્થીનીઓ જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમ મેળવી ઝોન કક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે

સાવરકુંડલા તા.૦૨

નૂતન કેળવણી મંડળ સાવરકુંડલા સંચાલિત એસ. વી. દોશી ગર્લ્સ હાઈસ્કુલ અને શ્રી એ.કે. ઘેલાણી હાયર સેકન્ડરી સ્કૂલની વિદ્યાર્થીની ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં જિલ્લા કક્ષાએ પ્રથમ આવી હતી. જિલ્લા કક્ષાનું ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનું ચલાલા



મુકામે આયોજન થયું હતું. જેમાં શાળાની વિદ્યાર્થીની બહેન આંબલીયા જ્યોત્સના શૈલેષભાઈ પ્રથમ નંબર પ્રાપ્ત કરી શાળાનું નામ રોશન કર્યુ હતું. આગામી વિદ્યાર્થીર્થીની બહેન ઝોન કક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. ત્યારે શાળાના પ્રિન્સિપાલ ઉષાબેન તેરૈયા તેમજ શાળા પરિવારે તેમને અભિનંદન સાથે શુભેચ્છા પાઠવી હતી. તેમજ નૂતન કેળવણી મંડળના પ્રમુખ ચંદ્રિકાબેન કામદાર, ઉપપ્રમુખ ગેડિયા સાહેબ, મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા સાહેબ દ્વારા અભિનંદન સાથે આશીર્વાદ પાઠવીને ખૂબ પ્રગતિ કરો તેવી શુભેચ્છા પાઠવી હતી.

# વડિયા વિકાસ સમિતિ દ્વારા બગસરા-વડિયા-રાજકોટની બસ નિયમિત શરૂ કરવા માગણી

વડિયા,તા.૦૨

વડિયા વિકાસ સમિતિના પ્રમુખ જુનેદભાઈ ડોડિયાએ બગસરા ડેપોની સવારની ૬.૩૦ કલાકે વડિયા આવતી બગસરા-રાજકોટ બસને નિયમિત શરૂ કરવા માગણી કરી છે. તેમણે અમરેલી એસ.ટી. ડિવિઝનને પત્ર લખીને જણાવ્યું હતું કે, ઘણા દિવસોથી આ બસ બંધ છે અથવા અનિયમિત છે.

આ બસની અનિયમિતતાના કારણે મુસાફરોને ક્યારેક જેતપુરથી રાજકોટ જવા મજબૂર થવું પડે છે. જેના કારણે નોકરિયાતો, વિદ્યાર્થીઓ અને વેપારીઓ હેરાન થાય છે. નોકરિયાતો મોડા પહોંચતા હોવાથી તેમને પગાર કાપનું આર્થિક નુકસાન પણ ભોગવવું પડે છે. જો, આ બસ ફરીથી નિયમિત શરૂ કરવામાં નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી પણ તેમણે પત્રમાં આપી હતી. આ અંગે ધારાસભ્ય-મંત્રી કૌશિકભાઈ વેકરીયા અને બગસરા ડેપો મેનેજરને પણ રજૂઆત કરેલ છે.

# 'તારે તારી ભેંસોને મારી ભેંસોથી દુર ચલાવવી' કહી કુહાડીથી સરકો કર્યો

**રાજુલાના રામપરા-૨ ગામે બનાવ બનતા પોલીસ ફરીયાદ નોંધાઈ**

રાજુલા, તા.૦૩

રાજુલાના રામપરા-૨ ગામે તારે તારી ભેંસોને મારી ભેંસોથી દુર ચલાવવી કહી યુવકને કુહાડીનો ઘા મારી સરકો કરવામાં આવ્યો હતો. બનાવ અંગે સોમાભાઈ સાર્દુળભાઈ વાઘ (ઉ.વ.૪૫) એ ભીખાભાઈ મેરામણભાઈ વાઘ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ તા.૩૦/૧૧/૨૫ ના સાંજના સાડા પાચેક વાગ્યે ભેંસો લઈને જતા હોય તે સમયે આરોપીની વાડી પાસે પહોચતા આરોપીએ આવીને કહ્યું કે, તારે તારી ભેંસોને મારી ભેંસોથી દૂર ચલાવવી. જેથી તેમણે મારી ભેંસો દૂર જ ચલાવું છુ તેમ કહેતા આરોપીને સારૂ નહોતું લાગ્યું અને ગાળો આપવા લાગ્યો હતો. કુહાડીનો એક ઘા તેમના ડાબા કાને મારી સરકો કરી લોહી કાઢી ઈજા કરી હતી તેમજ જતા જતા મારી નાંખવાની ધમકી પણ આપી હતી.


**CHANGE OF NAME**

I Undersigh I MUNJPARA KRUSHNAKANT RAMESHBHAI I have changed my name from MUNJPARA KRUNSHKANT RAMESHCHANDRA To MUNJPARA KRUSHNAKANT RAMESHBHAI Now i will be known MUNJPARA KRUSHNAKANT RAMESHBHAI

Sigh :MUNJPARA KRUSHNAKANT RAMESHBHAI

Address: MADHUVAN, BLOCK NO-27, SHIV RASIDANCY, OPP KHARAVADI, LILIYA ROAD, AT-AMRELI- 365601

**CHANGE OF NAME**

I Undersigh I MUNJPARA PRITIBEN KRUSHNAKANTBHAI have changed my name from MUNJPARA PRITI KRUSHKANT To MUNJPARA PRITIBEN KRUSHNAKANTBHAI Now i will be known MUNJPARA PRITIBEN KRUSHNAKANTBHAI

Sigh :MUNJPARA PRITIBEN KRUSHNAKANTBHAI

Address: 27, SHIV RESIDANCY, LILIYA ROAD, OPP KHARAVADI, AT-AMRELI- 365601



**GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો**

ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો



ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.

ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ

**સંજય ટાયર્સ**

બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


# અવસાન નોંધ

**કોડીનાર**

સ્વ. જયોત્સનાબેન મુકુંદરાય ત્રિવેદી(ઉ.વ.૮૧)નું ટૂંકી બીમારી બાદ ભાવનગર ખાતે અવસાજ થયેલ છે . તે હર્ષાબેન, રાજેશભાઈ, કમલેશભાઈ ત્રિવેદી, કલ્યાણીબેન ઉપાધ્યાયના માતૃશ્રી, ડો. ઉર્વશીબેન ઉપાધ્યાયના વેવાણ અને જનાર્દનભાઈ ઉપાધ્યાયના સાસુ થાય છે. તેમની સદગતની સાદડી તા.૪ ને ગુરુવારે સાંજે ૪થી ૬ બ્રહ્મપુરી, માળીશેરી, કોડીનાર ખાતે રાખી છે.

**ગોપાલગ્રામ**

સ્વ.ભીખુભાઈ વલ્લભભાઈ ગજેરા(ઉ.વ.૭૨)નું તા.૩૦/૧૨/૨૦૨૫ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે કિરીટભાઈ ગજેરાના મોટાભાઈ, ચેતનભાઈ ગજેરા, પરેશ, વિપુલ, મેહુલ, ઈરાગના મોટાબાપુજી થાય છે. તેમની ઉત્તરક્રિયા તા.૦૭/૧૨/૨૦૨૫ને તેમના નિવાસસ્થાને ગોપાલગ્રામ ખાતે રાખેલ છે.

**તાલાલા**

સ્વ.ઓધવજીભાઈ ભુરાભાઈ વિઠલાણીનું (ઉ.વ.૯૦) નું તા.૦૧/૧૨/૨૦૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે સ્વ.લક્ષ્મીદાસભાઈ નાનાભાઈ, કેશવજીભાઈના મોટાભાઈ, જડીબેન જીવાણી, પ્રભાબેન પંજવાની, શારદાબેન ખીમાણીનાભાઈ, છગનલાલ લાલજીભાઈ ચાંદ્રાણી, પ્રકાશભાઈ, ભાવેશભાઈ, ગીતાબેન રૂપારેલીયા, ઈલાબેન ચિતલીયા, સ્વ.ચેતનાબેન જીવાણીના પિતાશ્રી થાય છે. તેમનુ સદગત પ્રાર્થના સભા તથા સાસરા પક્ષની સાદડી તા.૪/૧૨/૨૦૨૫ ગુરૂવારના રોજ સાંજે ૪થી ૫:૩૦ સુધી જલારામ મંદિર ખાતે ગુંદરણ રોડ તાલાલા ખાતે રાખવામાં આવેલ છે.


**BLUE BUDDHA**



END OF SEASON SALE
BUY 1@30% OFF
BUY 3@40% OFF
BUY 4@50% OFF
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■મનિષ વાકોતર ■વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.


**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી નં.૨૦૭/૨૦૨૫

અરજદાર :- શ્રી કરકર હરિભાઈ ભગવાનભાઈ
રહે. મોટા આંકડિયા, તા.જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. મોટા આંકડિયા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોટા આંકડિયા ગામમાં અરજદારશ્રી કરકર હરિભાઈ ભગવાનભાઈ તેઓના નાના બેન કરકર મંજુલાબહેન ભગવાનભાઈની જન્મ(તા.૦૧/૦૬/૧૯૬૪) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી નં.૨૦૫/૨૦૨૫

અરજદાર :- શ્રી કરશનભાઈ કડવાભાઈ કમાણી
રહે. મોટા માચીયાળા, તા.જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. મોટા માચીયાળા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોટા માચીયાળા ગામમાં અરજદારશ્રી કરશનભાઈ કડવાભાઈ કમાણી તેઓના પુત્રી નયનાબેન કરશનભાઈ કમાણીની જન્મ(તા.૦૧/૦૬/૧૯૮૦) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી નં.૨૦૨/૨૦૨૫

અરજદાર :- શ્રી બીપીનભાઈ શંકરભાઈ દવે
રહે. ચિતલ, તા.જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. ચિતલ, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચિતલ ગામમાં અરજદારશ્રી બીપીનભાઈ શંકરભાઈ દવે તેઓના ભત્રીજા દિવ્યેશકુમાર પ્રમોદરાય દવેની જન્મ(તા.૦૪/૧૧/૧૯૮૭) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૯/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય


**શું તમને સાંભળવાની તકલીફ છે ?**



- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે

સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય



કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

**અવતાર**
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

તંત્રી લેખ

# ભારતનું પોતાનું અંતરીક્ષ સ્ટેશન કાર્યરત થશે

આકાશની અનંત ઊંચાઈઓ માનવજાતની જિજ્ઞાસા અને સંશોધનનું અંતિમ સીમાચિહ્ન રહી છે. અને હવે, અવકાશની દુનિયામાં એક ઐતિહાસિક વિદાય અને નવા ઉષાઃકાળની શરૂઆતનો સમય આવી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય અવકાશ મથક (આઈએસએસ), જે પાછલા ૨૫ વર્ષથી પૃથ્વીની ભ્રમણકક્ષામાં માનવીની મહત્ત્વાકાંક્ષાનુ પ્રતિક બની રહ્યું છે, તે ૨૦૩૦માં તેની સેવા સમાપ્ત કરશે. ૧૯૯૮માં શરૂ થયેલી આ સાહસિક યાત્રાનો અંત ૨૦૩૧ની શરૂઆતમાં પેસિફિક મહાસાગરના નિર્જન પાણીમાં થશે. પરંતુ, આ વિદાય એક અંત નથી, બલ્કે અવકાશ સંશોધનના નવા, બહુધ્રુવીય યુગની શરૂઆત છે. ૨૦૩૫ સુધીમાં પૃથ્વીની ભ્રમણકક્ષામાં જૂના મથકને બદલે કુલ ૬ નવા અવકાશ મથકો સ્થાપિત થશે એવું અંદાજિત છે, અને આ નવી ફેરબદલીમાં ભારત પણ પોતાનું સ્વતંત્ર અવકાશ મથક સ્થાપીને મજબૂત સામેલગીરી નિભાવવાની તૈયારીમાં છે.

આઈએસએસનો અંત એ વૈશ્વિક સહયોગની એક અદ્ભુત કથાની સમાપ્તિ પછીનુ પ્રકરણ છે. પરંતુ, આ પછીનો ભાગ એકથી વધુ રોમાંચક કથાઓ સાથે લખાશે. ચીનનું તિયાંગોંગ સ્પેસ સ્ટેશન પહેલેથી જ ભ્રમણકક્ષામાં સક્રિય છે અને તેનો વિસ્તાર ચાલુ જ છે. યુનાઈટેડ સ્ટેટ્સ, યુરોપ, જાપાન અને કેનેડા સંયુક્ત રીતે ચંદ્રની ભ્રમણકક્ષામાં 'ગેટવે' નામનું નવું સ્ટેશન બનાવી રહ્યા છે, જે ૨૦૨૭માં લોન્ચ થવાની શક્યતા છે. યુરોપનો એરબસ લૂપ પ્રોજેક્ટ ડિઝાઈન તબક્કામાં છે. એટલે કે, વૈશ્વિક અવકાશ સંશોધનના નકશા પર નવા કેન્દ્રો ઉભરી રહ્યા છે.

આ ઐતિહાસિક સંક્રમણમાં ભારતની ભૂમિકા નોંધપાત્ર અને સ્વાભિમાની છે. ઈસરો દ્વારા 'ભારતીય અવકાશ મથક' ૨૦૩૫ સુધીમાં તૈયાર થઈ જશે એવી યોજના છે. આપણા વૈજ્ઞાનિકો અને ઈજનેરો આ લક્ષ્ય સાધવા પર તલ્લીન છે. ચંદ્રયાન-૩ ની ઐતિહાસિક સફળતા પછી, આ આપણા અવકાશ સફરની એક સ્વાભાવિક અગ્રેસરતા છે. આપણું પોતાનું સ્ટેશન મળે તેનો અર્થ હશે સંશોધન, ઉપગ્રહ નિર્માણ, માઈક્રોગ્રેવિટી પ્રયોગો અને ભવિષ્યની માનવબહુલ મિશનો માટે આપણી પોતાની સ્વતંત્ર ક્ષમતા. આ ફક્ત તકનિકી સિદ્ધિ જ નહીં, પણ એક રાષ્ટ્ર તરીકે આપણી વૈજ્ઞાનિક પ્રજ્ઞા અને આત્મનિર્ભરતાનું પ્રતિક બનશે.

નવા અવકાશ મથકોનો ઉદય એ ફક્ત રાષ્ટ્રીય ગૌરવનો પ્રશ્ન નથી, તે માનવતાના હિતમાં સહયોગ અને સ્પર્ધાના નવા સમીકરણ પણ રચશે. ગેટવે જેવા પ્રોજેક્ટ્સ બતાવે છે કે ચંદ્ર અને તેનાથી પરના સાહસો માટે વૈશ્વિક સાથ એટલો જ મહત્વપૂર્ણ રહેશે. ભારત પણ તેના શાંતિપૂર્ણ અને સહયોગી અવકાશ ધોરણો સાથે આ નવા જૂથમાં મહત્વપૂર્ણ ફાળો આપી શકે છે. એક તરફ જ્યાં આઈએસએસની વિદાય એક યુગનો અંત લાવશે, ત્યાં તે પૃથ્વીની ભ્રમણકક્ષા અને તેનાથી આગળના ક્ષેત્રમાં વધુ પડતી રમતગમતને પ્રેરણા આપશે.

આખરે, આ સંક્રમણનો સમય દરેક ભારતીય માટે ગર્વ અને આશાનો છે. આપણો દેશ ફક્ત પૃથ્વી પર જ નહીં, પણ અવકાશમાં પણ આત્મનિર્ભર અને સંશોધનધર્મી બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યો છે. ૨૦૩૫ સુધીમાં જ્યારે ભારતનું અવકાશ મથક આકાશમાં સ્થાપિત થશે, ત્યારે તે આપણી વૈજ્ઞાનિક મહત્ત્વાકાંક્ષાનું એક નવું સિંહપગલું ગજવશે. અવકાશનો નવો યુગ આવી રહ્યો છે, અને તેમાં ભારતની ભૂમિકા મહત્વપૂર્ણ અને ઉજ્જવલ હોઈ શકે એવી સંભાવનાઓ છે. આપણે આ ઐતિહાસિક સાહસના સાક્ષી બનવાનું અને તેમાં યોગદાન આપવાનું ભાગ્ય ધરાવીએ છીએ.

# ભુરખિયા હનુમાનજી મંદિરના પ્રવેશદ્વારોનું દાતા પરિવારો દ્વારા ભૂમિ પૂજન કરાયું

**સામાજિક સ્વૈચ્છિક સંસ્થાનના અગ્રણીઓ ઉપસ્થિતિ રહ્યા**



દામનગર,તા.૦૨

દામનગર સુપ્રસિદ્ધ યાત્રાધામ શ્રી ભુરખિયા હનુમાનજી મંદિર ખાતે નવા પ્રવેશદ્વારનું ભૂમિ પૂજન દાતા દહીંથરાના હાલ અમદાવાદ જીજ્ઞેશભાઈ સુતરિયા અને જામ બરવાળાના કરશનભાઈ ભીખાભાઈ નાકરાણી પરિવારના હસ્તે કરવામાં આવ્યું હતું. દામનગરથી ભુરખિયાદાદાના ધામ તરફ માર્ગ ઉપરના પ્રવેશદ્વાર નિર્માણનું સુતરિયા પરિવાર અને લાઠીથી ધામ તરફ આવતા માર્ગ ઉપર મુખ્ય પ્રવેશદ્વારનું નાકરાણી પરિવારના હસ્તે ભૂમિ પૂજન કરાયું હતું. આ પ્રસંગે સમસ્ત શ્રી ભુરખિયા હનુમાનજી મંદિર પ્રશાસન ટ્રસ્ટ એવમ પૂજારી પરિવાર, સમસ્ત ગ્રામજનો, લાઠી, દામનગર સહિત પંથકના સામાજિક સ્વૈચ્છિક સંસ્થાનના અગ્રણીઓની વિશાળ ઉપસ્થિતિ રહી હતી.

**પોલીસે કુલ ૭.૭૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો**

# અમરેલીમાં લાઠી બાયપાસ ચોકડી પાસેથી કતલખાને લઈ જવાતી ૧૧ ભેંસો બચાવાઈ

**અમરેલી સિટી પોલીસ દ્વારા તપાસ હાથ ધરાઈ**

અમરેલી, તા.૦૨

અમરેલીમાં લાઠી બાયપાસ ચોકડી પાસેથી કતલખાને લઈ જવાતી આઠ ભેંસો બચાવાઈ હતી. સોહિલ રફીકભાઈ લાખાણી, વિજયભાઈ ધીરૂભાઈ વાઘેલા તથા ઈલીયાસભાઈ કલ્યાણી કતલ કરવાના ઈરાદે પોતાના હવાલાવાળા ટ્રક નં.GJ-૧૮-AU-૯૯૭૬માં ભેસ જીવ નંગ-૧૧ને ટ્રકમાં અત્યંત ટૂંકી દોરીથી ખીચોખીચ હલન ચલન ન કરી શકે તે રીતે અત્યંત ક્રુરતા પુર્વક બાંધીને (ગોંધી) રાખી કતલ કરવાના ઈરાદે લઈ જતા ઝડપાયા હતા. પોલીસ ટ્રક, ૧૧ ભેંસો મળી કુલ ૭.૭૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ દિનેશભાઈ વિનુભાઈ સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડ પાસેથી બીયરના ટીન સાથે યુવક ઝડપાયો

અમરેલી, તા.૦૨

સાવરકુંડલામાં માર્કેટિંગ યાર્ડ પાસેથી અભિષેક ઉર્ફે અભી અરવિંદભાઈ વાળોદરા (ઉ.વ.૩૩) નામનો યુવક પાસ પરમીટ વગર ભારતીય બનાવટના અલગ અલગ બ્રાન્ડના બીયર ૪ ટીન સાથે ઝડપાયો હતો. જિલ્લામાંથી પોલીસે ૪૩ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ જપ્ત કર્યો હતો, જ્યારે ૩૨ લોકો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા. અમરેલીમાં મોણપુર, ચિતલ રોડ પરથી દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ઝડપાઈ હતી. પોલીસે દેશી દારૂ બનાવવાનો આથો આશરે લીટર-૨૪૦, ભઠ્ઠીના સાધનો મળી કુલ કિ.રૂ.૬૧૧૦નો પ્રોહી મુદામાલ જપ્ત કર્યો હતો.

# બાબરા તાલુકાના મીયા ખીજડીયા ગામે શેરીમાં કચરો નાખવા બાબતે મારામારી

બાબરા, તા.૦૨

બાબરા તાલુકાના મીયા ખીજડીયા ગામે નજીવી બાબતે બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. શેરીમાં કચરો નાખવા બાબતે સમજાવવા ગયેલા પરિવાર પર ત્રણ જેટલા આરોપીઓએ હુમલો કરી માર માર્યો હોવાની ઘટના સામે આવી હતી. આ અંગે જગદીશભાઈ મેધજીભાઈ મકવાણા એ ભીખાભાઈ નાનજીભાઈ આજડા, કવાભાઈ ભીખાભાઈ આજડા, પ્રદીપભાઈ ભીખાભાઈ આજડા તથા રમાબેન ભીખાભાઈ આજડા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, મીયા ખીજડીયા ગામમાં રહેતા આરોપીઓ છેલ્લા પાંચ વર્ષથી તેમની શેરીમાં ઉકરડો કરી ગંદકી ફેલાવતા હતા. આ બાબતે તેનાના ભાભી રમીલાબેન ચંદુભાઈ મકવાણા આરોપીઓને ઉકરડો નહી કરવા બાબતે સમજાવવા ગયા હતા. જેથી આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને તેમના ભાભી સાથે ઝઘડો કરવા લાગ્યા હતા. જોકે, આરોપીઓને આ સારું ન લાગતાં તેમણે તેને અને સાહેદોને ગાળો આપવાનું શરૂ કર્યું હતું. ઉપરાંત તેમનો કાંઠલો પકડી ગળાના ભાગે નખ મારી ઈજા પહોંચાડી હતી. આ બનાવ દરમિયાન તમામ આરોપીઓએ તેમને અને સાહેદોને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

# સાવરકુંડલામાં તું ઉભો રહે હું હમણાં આવું તેમ કહી યુવકને ધમકી આપી

**માથામાં લોખંડની પાઇપનો ઘા પણ માર્યો**

સાવરકુંડલા, તા.૦૨

સાવરકુંડલામાં એક યુવકે તેની સામે ઘુરવાની ના પાડતાં તેને તું ઉભો રહે હું હમણાં આવું તેમ કહી ધમકી આપી હતી. તેમજ માથામાં લોખંડની પાઈપનો ઘા પણ માર્યો હતો. બનાવ સંદર્ભે કમલેશભાઈ મેપાભાઈ મેવાડા (ઉ.વ.૩૪) એ ) વિશાલભાઈ બીજલભાઈ ટોટા, ભુપતભાઈ દાનાભાઈ મેવાડા, ક્રિસુબેન ભુપતભાઈ મેવાડા તથા ભુપતભાઈની નાની દિકરી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમના ભત્રીજા મેહુલભાઈ પોતાના ઘર પાસે બેઠા હતા તે દરમિયાન ત્યાં રસ્તેથી નીકળ્યા હતા અને તેના ભત્રીજા સામે ઘુરતા હતા. જેથી તેને ઘુરવાની ના પાડતા ઉશ્કેરાઈ જઈ ગાળો આપી તું ઉભો રહે હું હમણા આવું તેમ કહી જતા રહ્યા હતા અને થોડીવાર પછી લાકડી તથા લોખંડની પાઈપ લઈ આવી તેમને ભત્રીજાને એક ઘા માથાના ભાગે મારી પછાડી દીધો હતો. તેમજ માથાના ભાગે ઢિમચાની ઈજા કરી હતી.તેના ભત્રીજાને શરીરે માર મારી મુઢ ઈજા કરી તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કે ડી રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલા પંથકમાં બે યુવકોએ ઝેરી દવા પી જીવન ટૂંકાવતા ચકચાર

**રાજુલા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી**

રાજુલા, તા.૦૨

રાજુલા પંથકમાં બે યુવકોએ ઝેરી દવા પીને જીવન ટૂંકાવ્યું હતું. રાજુલાના માંડળ ગામે રહેતા અમુભાઈ ભીખાભાઈ વાળા (ઉ.વ.૩૨) એ જાહેર કર્યા મુજબ, ગીરીશભાઈ ભીખાભાઈ વાળા (ઉ.વ.૨૮)એ માનસીક બીમારીથી કંટાળી જઈને ઉંદર મારવાની ઝેરી દવા પીધી હતી. જેથી સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. ચાંચ બદરમાં રહેતા સુખદેવભાઈ દેવશીભાઈ શીયાળ (ઉ.વ.૩૭)એ જાહેર કર્યા મુજબ, મુકેશભાઈ ધીરૂભાઈ શીયાળ (ઉ.વ.૩૪) એ અગમ્ય કારણોસર પોતાની મેળે ઝેરી દવા પી જતા સારવાર દરમ્યાન મરણ પામ્યા હતા.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૨૩૦ | ૧૫૦૩ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૨૮ |
| ઘઉં ટુકડા | ૫૧૪ | ૫૯૦ |
| જુવાર સફેદ | ૭૧૧ | ૯૩૮ |
| જુવાર લાલ | ૭૩૬ | ૯૫૦ |
| બાજરી | ૩૪૦ | ૪૦૫ |
| તુવેર | ૮૦૦ | ૧૩૨૧ |
| ચણા પીળા | ૯૫૫ | ૧૦૯૨ |
| ચણા સફેદ | ૧૪૨૫ | ૧૯૭૦ |
| અડદ | ૯૮૦ | ૧૪૮૧ |
| મગ | ૧૧૯૦ | ૧૭૯૦ |
| વાલ દેશી | ૭૫૦ | ૧૮૫૦ |
| ચોળી | ૯૦૦ | ૧૩૧૪ |
| મઠ | ૯૧૦ | ૧૭૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૧૮૦૦ |
| કળથી | ૪૫૦ | ૫૭૫ |
| રાજમા | ૧૧૦૦ | ૧૭૦૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૩૮૧ |
| મગફળી જીણી | ૯૯૦ | ૧૩૬૦ |
| તલી | ૧૯૦૦ | ૨૩૨૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૩૨૪ |
| અજમો | ૧૪૫૦ | ૧૯૧૫ |
| સોયાબીન | ૮૩૦ | ૯૧૦ |
| સીંગફાડા | ૯૬૧ | ૧૫૧૫ |
| કાળા તલ | ૩૪૫૦ | ૫૧૭૬ |
| લસણ | ૬૮૨ | ૧૦૭૦ |
| ધાણા | ૧૪૮૦ | ૨૦૧૩ |
| મરચા સુકા | ૧૦૦૦ | ૩૪૧૫ |
| ધાણી | ૧૪૫૦ | ૧૯૯૦ |
| વરીયાળી | ૧૧૧૫ | ૧૪૧૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૮૯ |
| રાય | ૧૪૦૧ | ૧૯૭૨ |
| મેથી | ૯૨૧ | ૧૨૩૫ |
| ઇસબગુલ | ૧૭૯૦ | ૧૭૯૦ |
| અશેરીયો | ૧૦૫૦ | ૧૧૭૦ |
| રાયડો | ૧૨૨૧ | ૧૨૯૦ |
| રજકાનું બી | ૮૯૦૦ | ૯૫૫૦ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૧૧૬ | ૪૨૪ |
| પપૈયા | ૬૬ | ૮૮ |
| બટેટા | ૧૫૪ | ૪૧૩ |
| ડુંગળી સુકી | ૪૮ | ૧૫૧ |
| ટમેટા | ૪૦૯ | ૬૧૧ |
| સુરણ | ૫૨૭ | ૭૪૬ |
| કોથમરી | ૨૧૨ | ૩૨૭ |
| મુળા | ૨૨૮ | ૩૬૯ |
| રીંગણા | ૩૧૯ | ૮૨૧ |
| કોબીજ | ૧૬૪ | ૨૦૮ |
| ફલાવર | ૩૧૧ | ૪૫૪ |
| ભીંડો | ૬૦૭ | ૧૦૧૩ |
| ગુવાર | ૮૧૨ | ૧૪૧૬ |
| ચોળાસીંગ | ૨૫૩ | ૪૦૬ |
| વાલોળ | ૮૦૫ | ૧૦૧૭ |
| ટીંડોળા | ૪૨૩ | ૭૪૬ |
| દુધી | ૨૦૯ | ૩૫૬ |
| કારેલા | ૮૦૩ | ૧૨૧૯ |
| સરગવો | ૧૪૧૩ | ૨૨૧૭ |
| તુરીયા | ૮૧૪ | ૧૨૨૪ |
| પરવર | ૧૦૧૧ | ૧૨૨૬ |
| કાકડી | ૫૦૭ | ૭૦૬ |
| ગાજર | ૩૧૧ | ૪૫૮ |
| વટાણા | ૧૦૨૭ | ૧૨૧૬ |
| તુવેરસીંગ | ૮૦૧ | ૧૧૦૬ |
| ગલકા | ૩૧૧ | ૬૧૪ |
| બીટ | ૨૦૭ | ૩૮૭ |
| મેથી | ૬૧૯ | ૮૦૯ |
| વાલ | ૧૦૧૨ | ૧૪૧૭ |
| ડુંગળી લીલી | ૩૦૭ | ૪૯૨ |
| આદુ | ૧૦૧૬ | ૧૨૨૧ |
| ચણા લીલા | ૨૧૨ | ૬૨૪ |
| મરચા લીલા | ૪૧૧ | ૮૧૪ |
| હળદર લીલી | ૩૧૭ | ૫૧૬ |
| લસણ લીલું | ૮૩૬ | ૧૪૧૩ |
| મકાઇ લીલી | ૨૮૧ | ૪૦૯ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૦૧ | ૧૪૮૬ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૫૦૨ | ૫૮૮ |
| મગફળી જીણી | ૯૫૬ | ૧૩૨૧ |
| સિંગદાણા જાડા | ૧૩૨૧ | ૧૪૮૧ |
| સિંગ ફાડીયા | ૯૯૧ | ૧૪૯૬ |
| એરંડા / એરંડી | ૧૧૬૬ | ૧૩૬૧ |
| તલ લાલ | ૨૪૦૧ | ૨૪૦૧ |
| જીરૂ | ૨૫૫૧ | ૪૦૫૧ |
| ધાણા | ૧૧૫૧ | ૨૦૧૬ |
| લસણ સુકું | ૪૦૧ | ૮૭૧ |
| ડુંગળી લાલ | ૪૦ | ૨૭૧ |
| અડદ | ૯૩૧ | ૧૨૧૧ |
| મઠ | ૬૭૬ | ૬૭૬ |
| તુવેર | ૮૧૧ | ૧૧૭૧ |
| રાયડો | ૧૨૫૧ | ૧૨૫૧ |
| રાય | ૬૫૧ | ૧૮૫૧ |
| મેથી | ૭૦૧ | ૧૦૪૧ |
| કાંગ | ૪૨૧ | ૫૮૧ |
| મરચા | ૭૦૧ | ૩૭૫૧ |
| મગફળી જાડી | ૭૫૦ | ૧૩૬૧ |
| સફેદ ચણા | ૮૮૧ | ૧૮૯૧ |
| મગફળી ૬૬ | ૧૦૦૧ | ૧૪૭૬ |
| તલ - તલી | ૧૧૦૧ | ૨૨૭૧ |
| ધાણી | ૧૨૦૧ | ૨૧૦૦ |
| ડુંગળી સફેદ | ૭૧ | ૨૫૧ |
| બાજરો | ૨૮૧ | ૩૪૧ |
| જુવાર | ૭૬૧ | ૯૧૧ |
| મગ | ૮૫૧ | ૧૫૬૧ |
| ચણા | ૭૭૬ | ૧૦૭૬ |
| વાલ | ૮૦૧ | ૯૬૧ |
| ચોળા / ચોળી | ૭૦૧ | ૯૭૬ |
| સોયાબીન | ૭૦૧ | ૯૭૧ |
| ગોગળી | ૭૦૦ | ૧૦૧૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૨૦૦ | ૧૦૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૧૦૦ | ૩૦૦ |
| દુધી | ૧૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૩૦ | ૮૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૨૦૦ | ૫૦૦ |
| ગાજર | ૧૮૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૮૦૦ |
| તુવેર | ૫૦૦ | ૯૦૦ |
| વાલ | ૬૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| શક્કરીયા | ૩૪૦ | ૫૦૦ |
| બટેટા | ૨૫૦ | ૪૪૦ |
| અંબાળા | ૨૦૦ | ૪૦૦ |
| લીલી હળદર | ૪૦૦ | ૬૦૦ |
| ડુંગળી પુરા | ૪ | ૮ |
| તાંજરીયા પુરા | ૪ | ૭ |
| કોથમીર પુરા | ૨ | ૬ |
| મૂળા પુરા | ૫ | ૮ |
| ફોદીનો પુરા | ૨ | ૪ |
| કાચા કેળા | ૮૦ | ૨૦૦ |
| ચ્રૂણ | ૯૮૦ | ૧૨૦૦ |
| અલાવિપન | ૪ | ૮ |
| ઘીસોડા | ૬૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૩ | ૮ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૨૪૦ | ૯૦૦ |
| કારેલા | ૫૦૦ | ૧૦૦૦ |
| વાલોર | ૪૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૪૦૦ |
| ફણશી | ૧૮૦૦ | ૨૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૫ | ૧૦ |
| પાલક પુરા | ૩ | ૪ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૯૩૦ | ૧૨૮૦ |
| ગીરનાર શિંગ | ૧૦૪૧ | ૧૩૦૧ |
| શિંગ મોટી | ૭૪૫ | ૧૩૮૦ |
| શિંગ દાણા | ૧૦૦૦ | ૧૩૨૫ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૧૯૯ |
| તલ કાળા | ૨૫૦૦ | ૫૫૮૦ |
| તલ કાશ્મીરી | ૨૧૬૨ | ૨૪૪૫ |
| બાજરો | ૩૦૦ | ૩૮૮ |
| ઘઉં ટુકડા | ૪૬૬ | ૫૭૧ |
| ઘઉં લોકવન | ૪૯૪ | ૫૫૨ |
| મગ | ૯૧૨ | ૧૫૫૧ |
| અડદ | ૮૦૦ | ૧૪૧૧ |
| ચણા | ૭૫૦ | ૧૧૨૧ |
| સફેદ ચણા | ૧૦૮૦ | ૧૧૩૨ |
| છોલે ચણા | ૧૧૨૧ | ૧૫૦૦ |
| ચોળી | ૬૦૦ | ૧૦૨૫ |
| તુવેર | ૬૬૫ | ૧૧૫૫ |
| વાલ | ૭૦૦ | ૮૪૦ |
| કપાસ | ૯૦૦ | ૧૫૪૬ |
| એરંડા | ૯૯૫ | ૧૨૯૧ |
| જીરૂ | ૩૨૦૦ | ૪૦૦૦ |
| રાયડો | ૧૨૧૫ | ૧૨૧૫ |
| ધાણા | ૧૬૪૦ | ૧૯૫૫ |
| અજમા | ૧૮૦૦ | ૨૧૫૦ |
| મેથી | ૮૪૦ | ૧૦૪૫ |
| સોયાબીન | ૬૦૦ | ૮૭૧ |
| રજકાનુ બી | ૪૦૦૦ | ૮૨૦૦ |
| મરચાં લાંબા | ૧૧૪૦ | ૩૭૯૦ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૩૧૦ | ૪૧૦ |
| રીંગણા | ૬૧૦ | ૧૧૧૦ |
| ફ્લાવર | ૪૫૦ | ૫૫૦ |
| કોબીઝ | ૨૦૦ | ૩૦૦ |
| શક્કરીયા | ૬૦૦ | ૮૦૦ |
| ટમેટાં | ૬૦૦ | ૭૦૦ |
| સુરણ | ૫૦૦ | ૬૦૦ |
| ગાજર | ૩૫૦ | ૫૫૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| મુળા | ૨૦૦ | ૪૦૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૭૦૦ | ૧૫૦૦ |
| વાલોળ | ૮૧૦ | ૧૦૧૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળા | ૪૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૧૨૧૦ | ૧૩૧૦ |
| ભીડો | ૭૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૪૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૨૧૦ | ૧૪૧૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફોદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૭૦૦ |
| બીટ | ૩૨૦ | ૪૨૦ |
| તુવેર | ૮૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૨૯૦ | ૩૧૦ |
| મરચાં લીલા | ૪૨૦ | ૮૨૦ |
| મરચાં લાલ | ૫૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૨૮૦ |
| લસણ લીલુ | ૧૪૧૦ | ૧૮૧૦ |
| લસણ સુકુ | ૪૦૦ | ૮૦૦ |
| પાલક | ૬૦૦ | ૭૧૦ |
| લીંબુ | ૩૦૦ | ૪૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૫૦૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૨૭૧ |
| શીંગ મોટી | ૧૦૫૦ | ૧૩૮૧ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૩૩૦ |
| તલ કાળા | ૪૫૫૦ | ૫૩૩૦ |
| જીરૂ | ૩૭૦૦ | ૩૯૭૫ |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૭૫ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૫૩૫ | ૫૮૦ |
| બાજરો | ૪૦૦ | ૫૪૮ |
| જુવાર | ૬૫૦ | ૯૮૨ |
| અડદ | ૮૦૦ | ૧૪૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૧૪ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૫૨૯ |
| ઘઉં લોકવન | ૪૦૫ | ૫૭૮ |
| ઘઉં ટુકડા | ૪૯૫ | ૫૪૦ |
| અડદ | ૯૨૫ | ૧૦૬૦ |
| ચણા | ૯૨૪ | ૧૦૪૦ |
| મગ | ૧૨૨૦ | ૧૨૨૦ |
| ધાણા | ૧૫૦૫ | ૨૦૦૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૧૫૦ |
| તલ સફેદ | ૧૮૪૦ | ૨૨૦૫ |
| સોયાબીન | ૫૦૦ | ૮૬૦ |
| લસણ | ૩૦૦ | ૫૮૫ |
| મગફળી | ૬૦૦ | ૧૦૫૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૫૦ |
| શીંગ ફાડા | ૧૧૩૦ | ૧૨૧૩ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૨૭૦ | ૧૫૫૮ |
| કપાસ મીડીયમ | ૯૦૦ | ૧૨૬૦ |
| મગફળી | ૧૦૧૨ | ૧૩૩૮ |
| તલ સફેદ | ૧૬૩૦ | ૨૦૭૦ |
| તલ કાળા | ૩૨૧૫ | ૪૯૦૫ |
| જીરૂ | ૩૨૧૦ | ૩૯૮૦ |
| ઘઉં | ૪૭૫ | ૫૧૫ |
| અડદ | ૯૯૦ | ૧૨૧૦ |
| ચણા | ૯૫૫ | ૧૦૬૫ |
| સોયાબીન | ૮૧૦ | ૮૬૦ |

**લીલીયા મોટા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૧૧૬ | ૧૫૧૨ |
| કપાસ સી ગેડ | ૯૫૨ | ૧૦૬૦ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ એ | ૧૨૦૧ | ૧૪૬૦ |
| કપાસ કોડી | ૯૪૧ | ૧૧૪૬ |
| મગફળી | ૬૮૫ | ૧૩૨૬ |
| ઘંઉ | ૪૫૦ | ૬૬૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૬૦ |
| અડદ | ૬૦૦ | ૯૦૦ |
| એરંડા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| તલ | ૧૨૦૦ | ૧૪૧૦ |
| મગ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| સીંગદાણા | ૧૧૬૫ | ૧૨૩૫ |
| મેથી | ૬૦૦ | ૮૭૧ |
| સોયાબીન | ૫૦૦ | ૮૬૦ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૯૫૫ | ૧૨૬૧ |
| તલ સફેદ | ૧૮૫૧ | ૨૩૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૬૦ |
| બાજરો | ૩૭૧ | ૫૬૧ |
| ઘઉં ટુકડા | ૪૯૨ | ૬૯૧ |
| જુવાર | ૬૦૦ | ૯૬૫ |
| મગ | ૧૦૦૦ | ૧૧૪૦ |
| અડદ | ૮૬૧ | ૧૧૪૦ |
| ચણા | ૮૦૦ | ૧૧૨૬ |
| મેથી | ૯૦૧ | ૯૦૧ |
| સોયબીન | ૭૪૮ | ૮૬૮ |

**ખાંભા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૯૬ | ૧૫૦૩ |
| કપાસ કોઠી | ૧૦૪૫ | ૧૨૯૦ |
| મગફળી | ૯૭૬ | ૧૧૯૧ |
| ચણા | ૮૬૦ | ૧૦૦૦ |
| જુવાર સફેદ | ૯૧૧ | ૯૫૦ |
| સોયાબીન | ૭૨૬ | ૮૨૧ |
| અડદ | ૮૦૧ | ૮૬૦ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૫૫૧ |
| ઘઉ | ૪૦૦ | ૫૩૧ |
| મગ | ૧૦૦૧ | ૧૪૪૬ |
| ચણા | ૭૫૧ | ૧૦૭૧ |
| અડદ | ૮૦૧ | ૧૩૦૬ |
| મગફળી | ૭૦૧ | ૧૨૩૬ |
| શિગફાડા | ૧૦૦૧ | ૧૧૬૬ |
| તલ સફેદ | ૧૪૦૧ | ૧૯૮૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૮૭૬ |
| સોયાબીન | ૬૦૧ | ૮૭૧ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| કપાસ ડોળાસા | ૧૧૫૦ | ૧૪૮૧ |
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૩૭૯ |
| મગફળી ૩૨ | ૯૫૦ | ૧૨૯૧ |
| બાજરો | ૩૫૫ | ૫૭૫ |
| ઘઉં લોકવન | ૫૦૫ | ૫૬૭ |
| જુવાર | ૭૫૦ | ૯૧૫ |
| અડદ | ૭૦૦ | ૧૩૮૫ |
| ચણા | ૮૫૦ | ૧૦૬૬ |
| તલ | ૧૫૫૦ | ૨૧૫૦ |
| તલ કાળા | ૩૪૫૦ | ૫૨૦૫ |
| સોયાબીન | ૭૭૦ | ૯૧૫ |
| કાંગ | ૪૦૦ | ૪૭૨ |

**જામનગર**

| | | |
|---|---|---|
| જુવાર | ૭૦૦ | ૮૪૫ |
| બાજરો | ૨૦૦ | ૩૫૫ |
| ઘઉં | ૪૭૦ | ૫૫૭ |
| મગ | ૯૦૦ | ૧૧૫૫ |
| અડદ | ૯૦૦ | ૧૧૫૫ |
| ચણા | ૯૦૦ | ૧૦૮૫ |
| ચણા સફેદ | ૧૦૨૫ | ૧૭૧૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૨૫૦ |
| મગફળી ૬૬ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| મગફળી ૯ | ૧૨૫૦ | ૧૫૨૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૨૫ |
| તલ | ૨૦૦૦ | ૨૪૭૦ |
| તલ કાળા | ૧૮૦૦ | ૪૦૪૫ |
| લસણ | ૫૫૦ | ૧૧૪૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૯૫ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૦૪૦ |
| અજમો | ૧૦૦૦ | ૩૪૨૫ |
| અજમા ની ભુસી | ૭૦ | ૧૭૭૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૮૦૦ |
| ડુંગળી સુકી | ૩૦ | ૨૨૫ |
| સોયાબીન | ૭૦૦ | ૮૯૫ |
| રાજમા | ૧૧૦૦ | ૧૩૮૫ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ૩૨ | ૮૯૮ | ૧૨૬૯ |
| શીંગ ૩૯ | ૮૦૦ | ૧૧૮૯ |
| શીંગ ગીરનાર | ૯૩૦ | ૧૨૯૦ |
| શીંગ જી ૨૦ | ૯૦૦ | ૧૩૨૬ |
| જુવાર | ૫૧૧ | ૯૭૨ |
| બાજરી | ૩૦૦ | ૭૩૫ |
| ઘઉં ટુકડા | ૪૩૫ | ૬૩૭ |
| મકાઈ | ૩૩૫૭ | ૪૩૧ |
| અડદ | ૭૪૦ | ૧૦૯૫ |
| મગ | ૫૨૦ | ૨૯૨૭ |
| સોયબીન | ૬૦૦ | ૯૦૦ |
| ચણા | ૭૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૭૫૮ | ૨૧૯૯ |
| તલ કાળા | ૪૨૦૦ | ૪૭૦૦ |
| ધાણા | ૧૩૭૫ | ૧૩૭૫ |
| મેથી | ૮૬૧ | ૮૬૧ |
| ડુંગળી લાલ | ૬૫ | ૨૬૬ |
| ડુંગળી સફેદ | ૬૫ | ૨૬૬ |
| ડુંગળીસફેદ એક્સપોટ | ૨૫૧ | ૬૦૦ |
| કપાસ શંકર | ૮૫૨ | ૧૫૧૫ |
| નાળીયેર | ૩૦૦ | ૨૯૦૦ |




લાગે તો તીર : -બકા, તારાં લગનનો મારી પાંહે એક રસ્તો છે

# હેમાને પરણવા ધર્મેન્દ્ર મુસ્લિમ બની ગયેલા



ધર્મેન્દ્ર ગુજરી ગયા.

હિન્દી ફિલ્મોમાં કદી પણ સુપરસ્ટાર નહીં ગણાવા છતાં સાડા છ દાયકા સુધી સુપરસ્ટાર જેવો દબદબો ભોગવનારા ધર્મેન્દ્રના નિધન સાથે હિંદી ફિલ્મોનો એક યુગ સમાપ્ત થઈ ગયો. હિંદી ફિલ્મોમાં રોમેન્ટિક હીરો તરીકે શરૂઆત કરીને એક્શન હીરો તરીકે સ્થાપિત થયેલા ધર્મેન્દ્ર જેટલી લોકપ્રિયતા બહુ ઓછા હીરોને મળી છે. શોલે જેવી બ્લોકબસ્ટરથી માંડીને સત્યકામ જેવી આર્ટ ફિલ્મો કરનારા ધર્મેન્દ્રને દર્શકોએ તમામ રૂપમાં સ્વીકાર્યા.

હિંદી સિનેમામાં ધર્મેન્દ્ર એકલા એવા હીરો છે કે જેમની કારકિર્દીમાં કદી ખરાબ સમય આવ્યો જ નહીં કે કદી પડતી ના થઈ. સતત હીટ ફિલ્મો આપીને ટકી રહેનારા ધર્મેન્દ્ર એક માત્ર હીરો છે. ધર્મેન્દ્રની કારકિર્દી વિશે એક રસપ્રદ વાત એ પણ છે કે, ધર્મેન્દ્રે સોલો એટલે કે પોતે એકલા જ હીરો હોય એવી ફિલ્મો પ્રમાણમાં ઓછી કરી છે પણ સોલો ફિલ્મોમાં પણ તેમની સફળતાનો રેટ બહુ ઉંચો છે. ધર્મેન્દ્રે તેમની કારકિર્દીમાં ૩૦૦ જેટલી ફિલ્મો કરી. આ પૈકી ધર્મેન્દ્ર એકલા જ હીરો હોય એવી ફિલ્મોની સંખ્યા ૭૫ છે ને તેમાંથી ૫૫ સુપરહીટ છે.

હિંદી સિનેમામાં ધર્મેન્દ્ર જેવો હીરો બીજો નહીં આવે તેથી તેમના વિશે બહુ લખાયું છે. આપણે એ વાતો રીપીટ નથી કરતા પણ ધર્મેન્દ્ર વિશે એવી ત્રણેક વાતો કરીશું જેના વિશે બહુ ઓછા લોકો જાણે છે.

■■■

ધર્મેન્દ્ર મુસ્લિમ બની ગયેલા?

ધર્મેન્દ્રનો ૧૯૭૦ના દાયકાની શરૂઆતમાં શરૂ થયેલો હેમા માલિની સાથેનો રોમાન્સ દાયકાના અંત સુધીમાં તો પૂરબહારમાં પહોંચી ગયેલો. ધર્મેન્દ્ર રોમેન્ટિક હતા ને ઘણી હીરોઈનો સાથે તેમનાં અફેર થયેલાં તેથી ધર્મેન્દ્રને હેમા સાથે અફેરમાં વાંધો નહોતો પણ હેમા લગ્ન કરવા માગતી હતી. હેમાના દબાણના કારણે ધર્મેન્દ્રે લગ્ન કરવાનું નક્કી કર્યું પણ ધર્મેન્દ્રનાં પહેલાં લગ્ન અડચણરૂપ હતા.

ધર્મેન્દ્રનાં લગ્ન ૧૯૫૪માં ૧૯ વર્ષની ઉંમરે પ્રકાશ કૌર સાથે થઈ ગયા હતા અને ચાર બાળકો હતા. સની દેઓલ, બોબી દેઓલ, વિજીતા અને અજીતા. હિંદુ મેરેજ એક્ટ પ્રમાણે ધર્મેન્દ્ર બીજાં લગ્ન ના કરી શકે તેથી હેમા અને ધર્મેન્દ્ર બંને ઈસ્લામ ધર્મ અપનાવીને મુસ્લિમ બની ગયા હતા. ધર્મેન્દ્રનું નામ દિલાવર ખાન અને હેમા માલિનીનું નામ આયેશા બી કરી દેવાયેલું, રામકમલ મુખર્જીએ તેમના પુસ્તક 'હેમા માલિની: બિયોન્ડ ધ ડ્રીમ ગર્લ'માં ઉલ્લેખ કર્યો છે કે, ધર્મેન્દ્ર-હેમાએ દિલાવર ખાન અને આયેશા બી નામ રાખ્યા હોવાની વાતો જોરશોરથી ચાલી હતી પણ ધર્મેન્દ્ર-હેમાએ સત્તાવાર રીતે કશું ના કહ્યું.

લોકસભાની ૨૦૦૪ની ચૂંટણી વખતે ધર્મેન્દ્ર રાજસ્થાનની બિકાનેર લોકસભા બેઠક પરથી ઉભા રહ્યા ત્યારે ધર્મેન્દ્રના કથિત ઈસ્લામ ધર્મ પરિવર્તનની વાતોને કોંગ્રેસે ચગાવી હતી. ધર્મેન્દ્રે પોતાના ચૂંટણી સોગંદનામામાં ફક્ત પહેલી પત્ની પ્રકાશ કૌરની સંપત્તિ જાહેર કરી હતી અને હેમા માલિનીનો કોઈ ઉલ્લેખ કર્યો ન હતો તેના કારણે પણ વિવાદ શરૂ થયો હતો. આઉટલુક મેગેઝિને હેમા સાથેના ધર્મેન્દ્રના કહેવાતા નિકાહનામાની ફોટોકોપી છાપી હતી અને બીજાં મીડિયાએ પણ આ મુદ્દાને ચગાવ્યો હતો.



બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા

કોંગ્રેસના નેતાઓએ ઈન્દોરની કોર્ટમાં નિકાહનામા અને અન્ય દસ્તાવેજો રજૂ કરીને ધર્મેન્દ્ર સામે બહુપત્નીત્વનો આક્ષેપ કરીને તેમની ઉમેદવારી રદ કરવા વિનંતી કરી હતી. હિન્દુ મેરેજ એક્ટ હેઠળ બીજાં લગ્નની પરવાનગી નથી તેથી ધર્મેન્દ્ર-હેમા માલિનીએ ઈસ્લામ ધર્મ સ્વીકારીને દિલાવર ખાન અને આયેશા નામ અપનાવીને નિકાહ કર્યા હતા પણ સોગંદનામામાં આ વાત છૂપાવી હતી. ધર્મેન્દ્ર-હેમા બંનેએ આ આક્ષેપોને ફગાવીને પોતે હિંદુ જ હોવાનો દાવો કર્યો હતો. કોંગ્રેસની અરજીમાં કશું ના થયું ને ધર્મેન્દ્ર સાંસદ બની ગયા. હેમા માલિની તો હજુ હિંદુત્વની દુહાઈ દેતા ભાજપનાં સાંસદ છે.

■■■

ધર્મેન્દ્ર હિંદી ફિલ્મોના સૌથી રોમેન્ટિક હીરો હતા.

હિંદી ફિલ્મોમાં ધર્મેન્દ્ર જેટલાં અફેર કોઈ હીરોએ નથી કર્યાં. ધર્મેન્દ્રનાં અફેરની વાતો ફિલ્મી મેગેઝિનોમાં બહુ છપાતી. આ વાતોથી અકળાઈને ધર્મેન્દ્રે એમ.આર. કૃષ્ણા નામના પત્રકાર સાથે તો જાહેરમાં મારામારી કરી હતી. દેવયાની ચૌબલ નામની પત્રકારને મારવા ધર્મેન્દ્રે રસ્તા પર દોટ લગાવી હતી.

હેમા માલિની સાથેની ધર્મેન્દ્રની લવસ્ટોરીની વાતો બહુ થાય છે, બંનેએ લગ્ન કરી લીધાં તેથી મીડિયા ધર્મેન્દ્ર-હેમાની લવસ્ટોરીને અનોખી ગણાવાય છે પણ ધર્મેન્દ્ર માટે હેમા લવ લાઈફનું ફુલ સ્ટોપ એટલે કે પૂર્ણવિરામ નહોતાં પણ અલ્પવિરામ જ હતા. હેમા સાથે લગ્ન પહેલા પણ ધર્મેન્દ્રનાં અફેર હતા, લગ્ન પછી પણ અફેર રહ્યા.

ધર્મેન્દ્ર પોતે પણ આ વાત સહજતાથી સ્વીકારતા હતા.

એક વખત ધર્મેન્દ્રને સવાલ કરાયો કે, તમે કામ કર્યું તેમાંથી કઈ કઈ હીરોઈનો સાથે તમારે અફેર રહ્યાં ?

ધર્મેન્દ્રે જબરદસ્ત વિટનો પરચો આપતાં કહ્યું કે, વિશ્વજીત સિવાય બધી !

ધર્મેન્દ્રનું ફિલ્મ કારકિર્દીની શરૂઆતમાં મીના કુમારી સાથેનું અફેર અત્યંત ચર્ચાસ્પદ રહ્યું હતું. મીના કુમારી કમાલ અમરોહીને પરણેલાં પણ બંનેનું લગ્નજીવન ડખે ચડેલું હતું. નવાનવા ફિલ્મોમાં આવેલા હેન્ડસમ ધર્મેન્દ્ર પર મીના કુમારી ફિદા થઈ ગયા હતા. ધર્મેન્દ્રે પણ મીના કુમારીને સહારો આપ્યો ને બંને અત્યંત નિકટ આવી ગયા હતા. ધર્મેન્દ્રની હિ-મેનની ઈમેજ પણ મીના કુમારીના આગ્રહથી ફૂલ ઔર પથ્થરમાં ધર્મેન્દ્રે ટોપલેસ સીન આપ્યો તેના કારણે જ બની હતી. ધર્મેન્દ્રે ટોપલેસ સીન આપ્યો ત્યારે તેમના માટે શોભા ડેએ ગરમ-ધરમ શબ્દ વાપરેલા.

ધર્મેન્દ્રની ૧૯૬૦ના દાયકામાં આશા પારેખ સાથેની જોડી પણ જામી હતી. બંનેએ અનેક સુપરહીટ ફિલ્મો આપી. ધર્મેન્દ્રનું આશા પારેખ સાથે પણ અફેર હોવાનું કહેવાતું. ગુજરાતી આશા પારેખનું નામ આમીર ખાનના કાકા ફિલ્મ સર્જક નાસિર હુસૈન સાથે પણ જોડાયેલું પણ પછી આશા પારેખ હેન્ડસમ હિ-મેન ધર્મેન્દ્ર તરફ વળી ગયેલી એવું કહેવાય છે. ધર્મેન્દ્રના કારણે આશા પારેખે પંજાબી ફિલ્મોમાં પણ કામ કરેલું.

ધર્મેન્દ્રનું હેમા માલિની સાથે અફેર ચાલતું હતું ત્યારે જ રાખી સાથે પણ અફેર થયાનું કહેવાય છે. રાખીનાં લગ્ન ગુલઝાર સાથે થયેલાં પણ બંને લગ્નના એક વર્ષમાં જ છૂટાં પડી ગયાં તેનું કારણ રાખીનું ધર્મેન્દ્ર સાથે અફેર હોવાનું કહેવાય છે. હેમા સાથેનું અફેર તો બહુ જાણીતું છે પણ હેમા સાથે લગ્ન પછી ધર્મેન્દ્રનું ૧૯૮૦ના દાયકામાં ૨૭ વર્ષ નાની અનિતારાજ સાથેનું અફેર પણ ચર્ચાસ્પદ રહેલું. હેમાને આ વાતની ખબર પડતાં તેણે ધર્મેન્દ્ર પર અનિતા સાથે કામ કરવા પર પ્રતિબંધ મૂકી દીધેલો.

જયાપ્રદા સાથે ધર્મેન્દ્રના અફેરની વાતો પણ ચગી હતી.

આ તો જાણીતી હીરોઈનો સાથેના અફેરની વાતો થઈ પણ આશા સચદેવ, પ્રેમા નારાયણ, બંગાલી એક્ટ્રેસ પ્રણોતી ઘોષ સહિતની બહુ જાણીતી નહીં પણ હોટ મનાતી હીરોઈનો સાથે પણ ધર્મેન્દ્રનાં અફેર રહ્યાં. પંજાબી ફિલ્મોની તો સંખ્યાબંધ હીરોઈનો સાથે ધર્મેન્દ્રનાં અફેર હોવાનું કહેવાય છે. માલા જગ્ગી, ઈન્દિરા બિલ્લી ઉર્ફે ઈન્દિરા કૌર, રાધા સલુજા, દિલજીત કૌર સહિતની સંખ્યાબંધ હીરોઈનો સાથે ધર્મેન્દ્રનાં અફેર હોવાનું કહેવાય છે.

રસપ્રદ વાત એ છે કે, આ બધાં અફેર્સ છતાં ધર્મેન્દ્રની ઈમેજ છિછરા કે લફરાંબાજ તરીકેની ના પડી. ધર્મેન્દ્ર એકદમ હેન્ડસમ હતા તેથી લોકોએ તેમનાં અફેર્સને પણ સહજતાથી સ્વીકાર્યાં.

■■■

ધર્મેન્દ્રને સૌથી વધારે અફસોસ કઈ વાતનો હતો ?

ધર્મેન્દ્રને પોતે બેફામ દારૂ પીતા એ વાતનો અફસોસ હતો. આ દારૂના નશામાં એક વાર તેમણે પિતાનો કોલર પકડી લીધો હતો અને ગાળાગાળી કરી નાખી હતી. ધર્મેન્દ્રે સ્વીકાર્યું છે કે, હું જવાનીના જોશમાં હતો ને નશાના કારણે ભાન ગુમાવી બેઠેલો. આ ઘટના માટે તેમના પિતાએ તો તેમને માફ કરી દીધેલા પણ ધર્મેન્દ્ર કદી પોતાની જાતને માફ ના કરી શક્યા. પોતે આવી નીચ હરકત કરી તેનો બોજ આખી જીંદગી રહ્યો. ધર્મેન્દ્રને દારૂની લત એ હદે હતી કે, શોલેના શૂટિંગ વખતે ચાર કલાકમાં જ બીયરની ૧૨ બોટલ પી ગયા હતા. ધર્મેન્દ્રે પોતે ૨૦૦૦ની સાલમાં દારૂ છોડી દીધો હોવાનો દાવો કરેલો પણ શરાબની લત માટે અફસોસ કરતા હતા. ૨૦૦૭માં એક ઈન્ટરવ્યૂમાં ધર્મેન્દ્રે સ્વીકારેલું કે, મેં મારી જીંદગીમાં દારૂને સ્પર્શ જ ના કર્યો હોત તો આજે હું અલગ જ ધર્મેન્દ્ર હોત કેમ કે શરાબ બહુ ખરાબ ચીજ છે અને બહુ ખરાબ અસર કરે છે. શરાબની લત ના હોત તો હું ઘણી બધી બાબતો પર વધારે ધ્યાન કેન્દ્રિત કરી શક્યો હોત ને બહુ સારાં કામ કરી શક્યો હોત કે જે હું ના કરી શક્યો. ધર્મેન્દ્રના જીવનમાંથી લોકો આ વાત શીખે તો પણ ઘણું છે. ■

sanjogpurti@gmail.com

# ગુડ બાય, ''ધી મેન'' ધર્મેન્દ્ર

બ્રહ્માંડમાં સદાય વિહાર કરતા રહેતા પત્રકાર નારદજીએ મને ફોન કર્યો: '' નારન, એક સત્ય ઘટના છે તારે છાપવી હોય તો...''

''અરે નારદજી! બોલો બોલો... સ્વર્ગલોકના અને અખિલ બ્રહ્માંડના શા ખબર છે?''

'' આ સમાચાર સ્વર્ગલોકના પણ છે અને પૃથ્વીલોકના પણ છે. લખ ફટાફટ... તમારે ત્યાં સરસ સ્ટોરી થશે.''

કાગળ અને પેન લઈને હું નોટ ડાઉન કરવા માંડ્યો: ૨૪ નવેમ્બર ૨૦૨૫ ના રોજ એક આત્મા પૃથ્વીલોકને ગુડ બાય કહીને આકાશમાં ઉડ્યો. આ આત્માને ધર્મરાજ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને ધર્મરાજ ઉવાચ: ''પૃથ્વીલોક ઉપર તમે ઘણા સારા કર્મો કર્યા છે અને કોઈ સાથે બનાવટ કરી નથી. આમ તો કયા આત્માને સ્વર્ગમાં એન્ટ્રી આપવી કે નર્કમાં પધરાવી દેવો તે અમે જ નક્કી કરીએ છીએ પરંતુ પૃથ્વી ઉપરના તમારા નિખાલસ અને નિર્મળ જીવનને ધ્યાનમાં રાખીને અમે તમને એ નક્કી કરવાની તક આપીએ છીએ કે તમારે ક્યાં જવું છે. વિકલ્પ એક નર્ક, વિકલ્પ બે સ્વર્ગ, વિકલ્પ ત્રણ ફરીથી પૃથ્વીલોક?''

અને તે આત્માને કહ્યું: ''ઈન મેં સે સબ સે અચ્છી શરાબ કહા મિલેગી?''

માહિતી આટલે સુધી આપતા નારદજીએ કહ્યું: '' હું પણ આ ન્યૂઝ સ્વર્ગ સમાચારમાં છાપવાનો છું. પણ હું હજી તપાસ કરી રહ્યો છું કે આ આત્માનું નામ પૃથ્વીલોક ઉપર શું હતું.''

અને હું બોલી ઉઠ્યો: અરે નારદજી ! જો ઘટના આ પ્રમાણે જ હોય તો હું લખાવું છું, તમે લખો. એ આત્માનું નામ છે ધર્મેન્દ્ર. ''

''વાહ શું વાત છે!'' નારદજી મને કહેવા લાગ્યા: ''આખું નામ લખાવો.''

મેં કહ્યું:''આ આખું નામ જ છે - ધર્મેન્દ્ર. ''

માહિતી આદાનપ્રદાનના વહેવારના નાતે હું નારદજીને એક પત્રકાર તરીકે ખુટતી માહિતી લખાવવા લાગ્યો: એનું આખું નામ તો ધર્મેન્દ્ર કેવલકિષ્ન દેઓલ છે. પણ આ શખ્સનું આટલું નામ કાફી છે. પૃથ્વી લોક ઉપર લોકોને માત્ર ધર્મેન્દ્ર બોલવાથી બધું જ સમજાઈ જાય છે કોઈ પૂછતું નથી કે ધર્મેન્દ્ર એટલે કયો ધર્મેન્દ્ર. હા ધર્મેન્દ્ર એટલે હિમેન ધર્મેન્દ્ર. ધર્મેન્દ્ર એટલે માચો મેન. ધર્મેન્દ્ર એટલે એક ગ્રેટ માણસ અને ગ્રેટ એક્ટર. જેને હિન્દી બોલતા કે સમજતા આવડતું હોય એવું બચ્ચેબચ્ચું ધર્મેન્દ્રને ઓળખે છે. અને જો ન ઓળખતો હોય તો એનું જનરલ નોલેજ કાચું છે એમ ગણાય.

અમે પણ બાળક હતા ત્યારથી જ ધર્મેન્દ્રને ઓળખીએ છીએ. દેવતાઓ વિશે બહુ જ અહોભાવ સાથે વાત થતી હોય એ જ રીતે અમે અમિતાભ અને ધર્મેન્દ્ર વિશે વાતો કરતા. ધર્મેન્દ્રને કોઈ પુગી જ ના શકે. ગમે એટલા વિલન ગુંડા હોય ધર્મેન્દ્ર એકલો કાફી છે. આઠ ડિસેમ્બર ૧૯૩૫ ના રોજ પંજાબના નરસાલી ગામમાં એનો જન્મ થયો ન હોત તો કદાચ અમને હિમેન શબ્દના અર્થની ખબર પણ ન હોત.

ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા

હા ધર્મેન્દ્ર હિમેન હતો પણ થોડા પુખ્ત વયના થયા પછી ખબર પડી કે ધર્મેન્દ્ર માત્ર હિમેન નહોતો. આ ગરમ ગરમ દરેક ખેલનો ખેલાડી હતો. ૧૯૬૦માં તેણે ''દિલ ભી તેરા હમ ભી તેરે'' ફિલ્મથી હિન્દી ફિલ્મોમાં એન્ટ્રી મારી હતી. અને બસ પછી ઈતિહાસ સર્જાતો રહ્યો, સર્જાતો રહ્યો. ૧૯૬૬માં આવેલી ''ફુલ ઓર પથ્થર" ફિલ્મથી લોકોએ તેનો લુક જોયો અને બસ લોકો તેની પાછળ દિવાના થતા રહ્યા. હિન્દી ફિલ્મ જગતમાં કેટલાક યુગસર્જક અદાકારો પાક્યા છે. એક રાજ કપૂરનો યુગ હતો એક રાજેશ ખન્નાનો યુગ હતો. એક અમિતાભ બચ્ચનનો યુગ હતો, હજી છે, રહેશે. પણ જોવા જેવી ખૂબી એ છે કે આ દરેક યુગમાં ધર્મેન્દ્ર હતો. દરેક યુગસર્જક એક્ટરોએ ચડતી પડતીના દિવસો જોયા છે પણ ધર્મેન્દ્ર એક વખત હિન્દી ફિલ્મ જગતમાં પ્રવેશ્યો પછી તે હંમેશા હસતો ખીલતો ખીલાવતો રહ્યો છે. તે ''અનુપમા''નો ધીરગંભીર લેખક પણ હોય અને ''શોલે''નો નટખટ વીરુ પણ હોય. ધર્મેન્દ્રને કોઈની સાથે કોઈ પ્રકારની સ્પર્ધા ન હતી. તાજ વગરનો સરતાજ હતો.



હિમેન ધર્મેન્દ્રને જોયા પછી જ એમની પછીની પેઢીના એક્ટરોને બોડી બિલ્ડિંગનું મહત્વ સમજાયું હતું. ગોવિંદા હોય કે સલમાન ખાન કે બીજા અનેક એક્ટરો, ધર્મેન્દ્રને આદર્શ માનતા રહ્યા છે. ધર્મેન્દ્ર વિશે કહેવાય છે કે તેના ઘરમાં દારૂની એક બહુ જ મોટી લાઈબ્રેરી હતી. અને વિશ્વની લગભગ તમામ દારૂની બ્રાન્ડ એમાં હાજરાહજૂર રહેતી અને ધર્મેન્દ્ર તમામ પ્રકારના ઉત્તમ દારૂને ઉત્તમ ન્યાય આપતો રહેતો હતો. માત્ર પ્રકાશ કૌર કે હેમામાલીની જ નહીં, શરાબનો પણ તે મહાન પ્રેમી હતો. શરાબને પણ એણે એક ઈજ્જત આપી છે કારણ કે શરાબના સતત સેવન છતાં તેણે પોતાનું બોડી છેક ૮૯ વર્ષ સુધી અડીખમ રાખ્યું હતું. દારૂ ધર્મેન્દ્રની જેમ પીવામાં આવે તો તે આરોગ્ય માટે ફાયદાકારક પણ છે એવું એણે સાબિત કર્યું. દારૂ કઈ રીતે પીવો તે પણ ધર્મેન્દ્રએ જગતને શીખવ્યું છે. ના, એવા કોઈ વાઈન ડ્રિંકિંગ ક્લાસ તેણે નહોતા શરૂ કર્યા. પણ શરાબ સાથેની સતત મિત્રતા પછી પણ હિમેન રહેવું અને ૯૦ વર્ષ સુધી રિમાઇન રહેવું એ જ ઘણું શીખવી જાય છે.

અમિતાભ બચ્ચન હોય કે શત્રુઘ્ન સિન્હા હોય તેણે અનેક અનેક મિત્રો સાથે દારૂ જેટલી જ ગ્રેટ મિત્રતા દાખવી છે અને નિભાવી છે. ધર્મેન્દ્ર માત્ર હિમેન નથી તે ''ધી મેન'' પણ છે

છેલ્લે ૧૯૯૭માં તેને ફિલ્મફેર લાઈફ ટાઈમ અચીવમેન્ટ એવોર્ડ મળ્યો હતો. ૧૯૧૨ માં ભારત સરકારે તેને પદ્મભૂષણનો ખિતાબ આપ્યો હતો. ધર્મેન્દ્રને ક્યારેય નેશનલ એવોર્ડ કે બીજા મહત્વના એવોર્ડ્સ નથી મળ્યા. હા તેણે રજૂ કરેલી ફિલ્મ ઘાયલને ૧૯૯૧માં નેશનલ એવોર્ડ મળ્યો હતો પરંતુ ધર્મેન્દ્રને પોતાને તો ક્યારેય મળ્યો જ નહીં. પણ ધર્મેન્દ્રને માત્ર ભારતના જ નહીં પાકિસ્તાન સહિત સમગ્ર વિશ્વના લોકોએ જે પ્રેમ આપ્યો છે એની સામે નાના કે મોટા એવોર્ડ્સની કોઈ વિસાત નથી. હા બોબી અને સનીને મારી એક સલાહ છે. ધર્મેન્દ્ર એવોર્ડ શરૂ કરો... ધર્મેન્દ્રએ પોતાના બંને પરિવારોને પોતાની સંપત્તિ આપી છે. હેમામાલીની કે ઈશા પણ આ એવોર્ડ શરૂ કરી શકે છે. ■

naranbaraiya277@gmail.com

# બીજાઓ માટે જીવવું એજ સાચું જીવન...



વિનોબા ભાવે કહે છે કે ''હું ચારેય વર્ણનો વ્યક્તિ છું''. એટલે જાત-પાત ભૂલી સેવાકીય કાર્યો કરવામાં જ ઈશ્વરની આરાધના રહેલી છે. જનસેવા એ જ પ્રભુસેવાના ચરિતાર્થને સાકાર અને આકાર કરવાનું કાર્ય સમાજમાં પ્રતિષ્ઠિત અને સમાજસેવી લોકો દ્વારા થતું હોય છે. આ જીવન નાશવંત છે, એક દિવસ યમરાજા લેવા આવવાના છે એવી ખબર હોવા છતાં ભૌતિકવાદ અને સંપત્તિવાદમાંથી બહાર નીકળવાનું મન જ થતું નથી. વિશ્વવિજેતા બનવા નીકળેલા સિકંદર ખાલી હાથે ઉપર ગયા. સંસારની મોહમાયા મારું-તારું, ભ્રષ્ટાચાર, દ્વેષ, પ્રપંચ, કાવાદાવા અને અનીતિના માર્ગે પ્રાપ્ત કરેલું દ્રવ્યનો એક દિવસ નાશ થવાનો છે. આજે તો રસ્તા ઉપર કોઈકને અકસ્માત થયો હોય તો તેને હોસ્પિટલ પહોંચાડવાનો સમય હોતો નથી. 'મારે શું? કરે એ ભોગવે' આવી સુફીયાણી વાતો કરનારા સુધરેલા લોકો અસંખ્ય છે.



સામાજિક અને શૈક્ષણિક
ડો. વિપુલ ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

હિન્દુ ધર્મમાં માનવતા કેન્દ્રસ્થાને છે. ધર્મનું મુખ્ય મૂળ માનવતાની જ્યોત પ્રગટાવવાનું છે. એરિસ્ટોટલે કહ્યું છે કે માનવી સામાજિક પ્રાણી છે. સમાજમાં રહે છે તેનો સર્વાંગી વિકાસ થાય છે. એકબીજાની જરૂરિયાત પરિપૂર્ણ કરવા માટે પ્રયાસ કરે છે ત્યારે સમાજ નિર્માણ થાય છે. સમાજમાં વ્યાધિ, ઉપાધિ અને ઉપલબ્ધિ પણ હોવાની એવા સમયે બીજા વ્યક્તિઓને કઈ રીતે ઉપયોગી બની શકીએ તે જ સૌથી મોટી કેળવણી છે. નાનાભાઈ ભટ્ટે કહ્યું છે કે શિક્ષણનું મુખ્ય કાર્ય બાળકોને ઘડવાની સાથે સાથે સાથે કેળવવાનું છે. આજે ઘણી બધી સંસ્થાઓ જનસેવાના માર્ગે કાર્ય કરે છે. કુદરતી આપત્તિ વખતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ જનસેવા અને માનવ સમુદાયની પડખે ઉભો રહીને મદદ કરે છે. ફૂટ પેકેટ હોય કે કાદવ કિચડની સફાઈ હોય, સેવાકીય પ્રવૃત્તિ સમાજે જોઈ છે. આરોગ્ય અને મેડિકલ સારવાર પ્રાપ્ત થાય તેવી સેવાકીય પ્રવૃત્તિઓ સંઘ દ્વારા નિરંતર થતી હોય છે. પોતાના માટે તો બધા કરે પરંતુ બીજા માટે ઘસાવાની અને ત્યાગ કરવાની ભાવના એ જ સૌથી મોટો કર્મયોગ છે. સરદાર પટેલે પ્રથમ વડાપ્રધાન પદ ત્યજીને અખંડ ભારતનું સર્જન કર્યું. આજે તો ભાઈ અને બહેન બસમાં મુસાફરી કરતા હોય ત્યારે ભાઈ બહેનની ટિકિટ લેતો નથી અને બંને અલગ અલગ ટિકિટ લઈને મુસાફરી કરતા લોહીના સંબંધીઓને સમાજે જોયા છે.

મારું મારું આગવું અને તારામાં મારો ભાગ આવી વ્યવસ્થાનો જન્મદાતા ભૌતિકવાદ છે. પ્રેમમાં પણ એવું જ થયું છે. સગવડીયો પ્રેમ શોધતા પાખંડી લોકો પ્રેમ શબ્દ ઉપર કલંક છે. પ્રેમ તો આપવાની અને આત્માના અવાજને ગુંજન અને લાગણીઓના પ્રવાહને વ્યાપક બનાવવાનું કાર્ય કરે છે. પારિવારિક ભાવનાનો પ્રેમ આત્મીયતાનો સ્નેહ સ્થાપી શકે છે. માણસાઈના દીવા જીવંત રાખવા હોય તો સમજણ શક્તિમાં સામર્થ્ય કેળવવું પડશે. આજે સમજણ શક્તિની ઉણપના કારણે કેટલાક પરિવારો બરબાદ થઈ ગયા છે. અહમથી અનેક ઘરો તૂટી રહ્યા છે. સાસુ-સસરા ગમતા નથી, અલગ રહેવું છે. આદર્શ ભાવ વગર સમાજની વ્યવસ્થા વ્યાપક બની શકતી નથી. સમાજની ગતિ ત્યારે જ વ્યાપક બની શકે છે જ્યારે એકબીજાની સમજણ શક્તિ વ્યાપક હોય સાથે સાથે એકરૂપ બનવી જરૂરી છે. મંદિર, મહાદેવ કે ચર્ચ વગેરેમાં માથા કૂટવાથી સુખ પ્રાપ્ત નહીં થાય. સુખ મેળવવું હશે તો પરિવારની વ્યક્તિઓને ખુશ રાખવા પડશે. ત્યાગ અને સેવા આ એવા બે માર્ગો છે જેમાં હંમેશા નંદનવન હોય છે. માનવતા મરી પરવારી હોય ત્યારે માનવી લાશવંત છે. કરુણા અને સેવાકીય ભાવનાનું ઝરણું નિરંતર તમારા હૃદયમાં વહેવું જોઈએ. બંદૂકમાંથી નીકળેલી ગોળી જ્યારે કોઈને જાતિ અને જ્ઞાતિ પૂછતી નથી, એવું જ ત્યાગમાં અને સેવામાં રહેલું છે. માનવ તું તારા અંતરાત્માને જાગ્રત કરજે. આ પૃથ્વી ઉપર જન્મ મળવો એ જ ઈશ્વરનો આભાર છે. તો શા માટે ત્યાગ અને સેવાની ભાવના ના રાખીએ? ડો. ઉષાબેન ભટ્ટ હંમેશા કહેતા હતા કે સમજણમાં સુખ છે. સુખ એટલે પથારીમાં પડતાની સાથે ઊંઘ આવી જાય તેનું નામ સુખ. ભ્રમણા અને તનાવ વચ્ચે જીવનની નાવ અટવાયેલી હોય છે. બીજાની સેવા કરવામાં જ પ્રભુ પ્રસાદ રહેલો છે એવું હું અંગત માનું છું. કેટલાક લોકો આપણો ઉપયોગ કરતા હોય છે ત્યારે ભગવાન તેમનો ન્યાય કરશે. આટલા વાક્યમાં સમજશો તો બધું જ સમજાઈ જશે. ■

Mo.9825702282

# કેરડા વિષે જાણો



કેરડાનું અથાણું બનાવીને લોકો ખાતા હોય છે. કેરડાને સંસ્કૃતમાં કરીર, હિન્દીમાં કરીલ તથા લેટીનમાં **CAPPARIS DECIDUA** અને અંગ્રેજીમાં **CAPER BERRIES** તરીકે ઓળખવામાં આવે છે. ગૂલ્મ પ્રકારની આ વનસ્પતિનાં મધ્યમ કદનાં ઝાડ સૂકાં- ગરમ રેતાળ પ્રદેશો જેમ કે કચ્છ-સૌરાષ્ટ્ર(ગુજરાત), મથુરા, ખાનદેશ, રાજસ્થાન વગેરેમાં વધુ થાય છે.

વટાદિ વર્ગની, વરૂણ કુળની આ ગુલ્મ પ્રકારની વનસ્પતિ ખાસ સૂકી- કાંકરાળ ભૂમિમાં વધુ થાય છે. તેના ઝાડ ૪ થી ૧૦ ફુટ તો કોઈક સ્થળે ૨૦ ફુટ સુધીના પણ થાય છે. વચ્ચેનું થડ પ્રાય: સીધું અને તેની છાલ અર્ધો ઈંચ જાડી, ધૂળીયા રંગની, ઉભા, લાંબા ચીરાવાળી હોય છે. તેની શાખા-પ્રશાખા પર ચણીબોરડી પર હોય છે તેવા બે- બે કાંટા એક સાથે ખૂબ હોય છે. આ ઝાડ પર પાન હોતાં નથી, જે હોય છે તે ખૂબ સૂક્ષ્મ હોય છે. તેની પર સુંદર ગુલાબી રંગના ખૂબ નાનાં ફૂલો પ્રાય: ગુચ્છામાં વસંતમાં આવે છે. આ ફુલોનું મધમાખીઓ અને ભમરા મધ બનાવે છે. ઝાડ ઉપર ઉનાળામાં વટાણા જેવડા મોટા, નાનાં લીલા રંગના ફળ (કેરડા) આવે છે. જેમ તાપ પડે તેમ તેમાં કડવાશ-ખટાશ- મીઠાશ- તીખાશ વધે છે. ખૂબ પાકાં ફળ લાલ કે કાળા રંગના થાય છે. ફળમાં ખૂબ સુક્ષ્મ અનેક બીજ હોય છે. કેરડાનું અથાણું ખૂબ સ્વાદિષ્ટ લાગે છે. તેનાં ફૂલનું શાક તથા અથાણુ થાય છે.

કેરડાના વૃક્ષની ખેતર ફરતે વાડ કરવાથી ખેતરનું રક્ષણ પણ થાય છે તથા ખેડૂત તેમાંથી પૂરક આવક મેળવી શકે છે.

કેરડો: સ્વાદે તીખો- તૂરો, ગરમ, રુચિકર, સ્વાદિષ્ટ, દોષ ભેદનાર, પાચનકર્તા, ઉતેજક, કડવો પૈષ્ટિક, પરસેવો લાવનાર, શ્વાસ, સોજો, હૃદયની નબળાઈ અને ત્વચારોગ નાશક છે. કેરડાં(ફળ) સ્વાદે કડવા, તીખાં, તૂરાં, મધુર, લુખા, ગરમ, વિકાસી, ગ્રાહી, કફ-પિતનાશક, હૃદય માટે હિતકર અને મુખશુધ્ધ કરનાર છે.



વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

કેરડાનું અથાણું (કેરડાં **pickle**) ખૂબ જ સ્વાદિષ્ટ અને પરંપરાગત ગુજરાતી અથાણું છે. બનાવવાની સરળ રીત:

સામગ્રી **(Ingredients)**:

● કેરડા – ૧/૨ કિલો (સાફ કરી નાના કાપેલા) ● મીઠું – સ્વાદ મુજબ (લગભગ ૩-૪ ટેબલસ્પૂન) ● હળદર પાઉડર – ૧ ટીસ્પૂન ● મરચું પાઉડર – ૨-૩ ટેબલસ્પૂન ● મેથીનો દળેલો પાઉડર – ૧ ટેબલસ્પૂન ● રાયનો દળેલો પાઉડર – ૨ ટેબલસ્પૂન ● હીંગ – ૧/૨ ટીસ્પૂન ● સરસવનું તેલ – ૧ કપ (ગરમ કરી ઠંડું કરેલું) ● લીલા મરચાં (ઐચ્છિક) – ૮-૧૦ ● લીંબુનો રસ – ૨-૩ લીંબુ

બનાવવાની રીત **(Method)**: ૧. કેરડા સાફ કરવાં: ● કેરડા ધોઈને સાફ કરી બે ભાગમાં કે નાની ટુકડીઓમાં કાપો. ● તેમાં મીઠું અને હળદર મિક્સ કરી ૬-૮ કલાક કે આખી રાત ઢાંકી રાખો જેથી કડવાશ ઘટે. ૨. પાણી છાંટવું: ● બીજા દિવસે કેરડામાંથી પાણી નીકળી જશે. તેને સારી રીતે છાંટીને સુકવી લો. ૩. મસાલો તૈયાર કરવો: ● એક વાટકીમાં મરચું પાઉડર, મેથીનો પાઉડર, રાયનો પાઉડર અને હીંગ મિક્સ કરો. ● તેમાં લીંબુનો રસ ઉમેરો. ૪. તેલ ગરમ કરવું: ● સરસવનું તેલ ગરમ કરીને ઠંડુ કરો. ● હવે મસાલામાં થોડું તેલ ઉમેરી મિક્સ કરો. ૫. કેરડા અને મસાલો મિક્સ કરવો: ● હવે સુકવેલા કેરડા મસાલામાં ઉમેરી સારી રીતે મિક્સ કરો. ● ઉપરથી બચેલું તેલ ઢોળી દો જેથી અથાણું તેલમાં ડૂબેલું રહે. ૬. સંગ્રહ: ● અથાણું સાફ કાચની બરણીમાં ભરો. ● ૩-૪ દિવસ સુધી રોજ ચમચાથી હલાવો જેથી મસાલો સારી રીતે ભળી જાય. ● પછી ખાવા માટે તૈયાર છે. કેરડાનું અથાણું બનાવીને બજારમાં વેચાણમાં મૂકીને આવક પણ મેળવી શકાય છે.

**કેરડાનું પોષણ મૂલ્ય પ્રતિ ૧૦૦ ગ્રામ**

| | |
|---|---|
| શક્તિ | 23 kcal |
| કાર્બોદિત પદાર્થો | 5g |
| શર્કરા | 0.4 g |
| રેષા | 3 g |
| ચરબી | 0.9 g |
| નત્રલ(પ્રોટીન) | 2 g |
| થાયામીન(બી ૧) | 0.018 mg |
| રીબોફ્લેવીન(બી ૨) | 0.139 mg |
| નાયેસીન(બી ૩) | 0.652 mg |
| પેન્ટોથેનિક એસિડ (બી ૫) | 0.027 mg |
| વિટામીન બી ૬ | 0.023 mg |
| ફોલેટ (બી ૯) | 23 ug |
| વિટામીન સી | 4 mg |
| વિટામીન ઈ | 0.88 mg |
| વિટામીન કે | 24.6 ug |
| કેલ્શિયમ | 40 mg |
| લોહતત્વ | 1.7 mg |
| સોડિયમ | 2960 mg |

hemangidmehta@gmail.com

# બકા, તારાં લગનનો મારી પાંહે એક રસ્તો છે




કાનમાં રૂનાં પુંભડા ભરાવેલો બકો, કપાસના કાલામાં ફાટી ગયેલી પેશી જેવો વિચિત્ર લાગતો હતો. બધાં કુતૂહલથી બકા તરફ જોઈ રહ્યા હતા. પણ કોઈ બોલતું નહોતું, કે કોઈ પુછતું પણ નહોતું.

બોસે બકાનો આવો વેશ જોઈને બકાને પુછ્યું.

"બકા, કપાસનાં ઢગલામાં આળોટીને આવ્યો છો ? કે પછી કપાસની ગાડી ભરીને આવ્યો છો ?"

"ના બોસ ના. કપાસની ગાડી ભરાય એવો કપાસ ઓણ કયાં છે?"

"તો પછી આ.., કાનમાં રૂનાં પુંભડા કેમ ભરાવ્યા છે? કાનનો દુ:ખાવો થયો છે?"

"ના..રે..ના !! મને શું દુ:ખાવો થવાનો."

"તો પછી આ..આ..! રૂનાં પુંભડા કેમ?"

"બોસ, આ આખું વરહ મને નથી નડતું. પણ, આ શિયાળો જ વહમો પડે છે."

"કેમ કેમ, શિયાળા હારે તારે શું વેર છે? શિયાળો તો તબિયત માટે હારો કેવાય."



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

"ઈ હંધૂય તમારાં જેવાં માટે હશે. મને તો આવો શિયાળો કઠે છે."

"પણ! કારણ શું?"

"આ શિયાળામાં લગનના ઢોલ વાગે ને મને કાનમાં લઉંકારા મારે છે. કાનમાં છણકાં ઉપડે છે. એ ઢોલના ધબકારા ના હંભળાયને એટલે મે કાનનાં દરવાજે ઝાંપલી કરી છે."

અભણ અમથાલાલ આ હંધૂય હાંભળી રહ્યા હતા.

બોસે બકાને વધારે શિખામણનો શીરો પીરસ્યો.

"બકા, ઢોલ તો બે કારણોસર જ વાગે. ઈ બેય કારણો હારા છે. એક તો લગનનો ઢોલ વાગે ઈ હંધાયને ગમે છે. બીજો ધીંગાણાનો ઢોલ વાગે ઈ એ ય કેટલાંકને ગમે."

"ધીંગાણાનો ઢોલ ભલે વાગે, મારી તૈયારી ધીંગાણામાં જાવાની છે. પણ, લગનનો ઢોલ ના વગાડો."

"બકા, અનુભવીઓ કહીને ગયા છે કે, લગન એ ધીંગાણાથી કમ નથી."

"હા પણ, લગન તો થાવા જોઈએ ને ! મારી હારથના હંધાય પરણીને પરવારી ગયા છે. કોક- કોકને તો છોકરાય નિહાળે જાવા માંડ્યાં છે. અને એક હું છું કે, મારો ક્યાંય કરતાં ક્યાંય મેળ જ પડતો નથી. હવે તમે જ કહો બોસ. આવા લગનના ઢોલ મને કાન હોંહરવા નો નીકળે!??"

"બકા બકા, આમ તું હરેરી ના જા. તારાં હાઢુભાઈ વધતાં જ જાય છે, વધતાં જ જાય છે."

હવે અમથાલાલને બોલવું પડ્યું.

"બકા, તારાં લગનનો મારી પાંહે એક રસ્તો છે."

બોલો બોલો, જલ્દી બોલો. શું રસ્તો છે ? હું ગમે તે કરવાં તૈયાર છું. આગને ઠેકવા 'ય તૈયાર છું અને પર્વત ઓળંગવા 'ય તૈયાર છું."

"આમાં તારાં જેવાં ઘણાં 'યના લગન થાય એમ છે. હા, ખરસો થોડોક વધારે થાહે."

"ખરસાને ભૂલી જાવ. કન્યાને બહારથી લાવવી પડે તો લાવો. દલાલ રાખવો પડે તો રાખો. પણ, લગન થાવા જોઈએ. કન્યા મળવી જોઈએ. અને એ પાછી ટકવી જોઈએ. નાની - મોટી, જાડી- પાતળી, કાળી- ધોળી હંધીય લાગે ને લાગે. પણ, તમે લગનનું કાંઈક ગોઠવો. એવું લાગશે ને તો એકાદ કટકું ઉડાડી દેહું. પણ, આ શિયાળામાં ગમે ન્યાં ગોઠવી દેવું છે."

"અરે..અરે..! હાહ ખાવ હાહ.! તમે તો ભાઈ ભારે ઉતાવળા. પેલાં હારી હારી કન્યાઓ હાથમાંથી વઈ ગઈ. અને હવે ગમે એને ઘરમાં બેહાડી દેવી છે.

એક રસ્તો છે, જેમાં તમારાં લગન થઈ જાય. પણ..,"

"પણને બણ. શું વાત છે બોલો , કન્યા ક્યાં છે બોલો ? (કેવી છે? ઈ પછી વાત)"

"આ લગનમાં કન્યાની જરૂર જ નથી પડતી."

"અમથાલાલ! તમે શું વાત કરો છો ખબર છે?

તમારુ મગજ તો ઠેકાણે છે ને ?? કન્યા વગરના લગન કેમ થાય? કોની હારે કરવા? "

"બકા બકા, આમ ઉતાવળો ના થા. ધીમો પડ. આ જમાનો ખૂબ આગળ વધી ગયો છે. કન્યા વગરના લગન થાય છે. અને હું તો ત્યાં સુધી કહીશ કે, કન્યા તો શું, વરરાજા વગરનાં 'ય લગન થાય છે."

"અમથાલાલ! હવે તમારુ ખરેખર ફરી જ ગયું છે હોં. કન્યા વગરના લગન, વરરાજા વગરનાં લગન. તો પછી લગન કોનાં? અને આવાં લગનમાં આવે કોણ?

તમે કાંઈ ફોડ પાડીને વાત કરો તો ટપો પડે."

"બકા, આજકાલ ભારતમાં એક નવો ટ્રેન્ડ શરૂ થયો છે. મોટાં મોટાં શહેરોમાં વર કન્યા વગરના લગનો થઈ રહ્યા છે. અને હજારો હજારો માણસો જાનૈયા અને માંડવીયા બની રહ્યા છે."

"એટલે તમે નાનાં નાનાં છોકરાઓ રમે એ ઢીંગલા પોતીયાના લગનની વાત કરો છો?"

"ના..આ..! ખરેખર મોટાં મોટાં માણસો, બી.પી.એલ.ની જમાત, પૈસાદાર માણસોની આ વાત છે. દુબઈથી શરૂ થયેલો આ નકલી લગનનો ટ્રેન્ડ હવે ધીરે ધીરે ભારતનાં મોટાં મોટાં શહેરોમાં આવી ગયો છે.

જેમાં નકલી કંકોત્રી હોય, નકલી કન્યા હોય, નકલી વરરાજા હોય, નકલી રીત-રિવાજ અને નકલી બ્રાહ્મણ પણ હોય. એક પૈસા જ હાચા હોય છે. બાકી હંધૂય નકલી નકલી હોય છે. પણ, આવું કરે છે કોણ? અને શા માટે કરે છે? કેવી રીતે કરે છે??

એક અઠવાડિયુ રાહ જૂઓ..(વધુ આવતાં અંકે.)

kalubhaibhad123@gmail.com

# જીવનમાં માણો રખડપટ્ટીનો આનંદ



આપણને ખબર છે કે આપણા જીવનમાં યાત્રા કે જાત્રા કે સફર કે પ્રવાસ કે પર્યટનનું કે પછી હરવા ફરવાનું કેટલું મહત્વ છે ? હા... તો અભિનંદન ! ના, તો પછી ચાલો તૈયારી કરો એક નાની ટૂરની જેથી આપને ખબર પડે કે જીવનમાં પ્રવાસ કેટલો જરૂરી છે...! તો ચાલો થોડી રખડપટ્ટી કરીએ...



આજકાલની વ્યસ્તતાભરી જીંદગીમાં જવાબદારીઓમાંથી મુક્ત થઈને અને બધી ચીજો ભૂલીને બહાર હરવા - ફરવા જવું થોડું કઠીન છે, પરંતુ જો તમે થોડું વિચારશો તો એવા બહુ જ કારણો છે, જેના કારણે આપે અવશ્યપણે હરવા - ફરવા જવું જોઈએ. એ કયાં કારણો છે ? એ જાણીએ : રખડપટ્ટીથી થતા લાભ જાણીએ...

નવા અનુભવથી રૂબરૂ : કંઈક નવો અનુભવ કરવાનો સૌથી બેસ્ટ ઉપાય છે ટ્રાવેલિંગ, જરા વિચારો તો ખરા... કે, જયારે તમે પહાડ પર ચઢતા હો - બીચ પર લાંબુ વોક કરતા હો, નૈસર્ગિકતાની વચ્ચે ફરતા હોવ... તો તમે કેટલો આનંદ મહેસૂસ કરો છો. આ પ્રકારની સફર એકબીજા, આપને તાજગીપ્રદ અને ઊર્જાવાન બનાવે છે, તો બીજી બાજુ ટ્રાવેલિંગથી ઘણી બધી નવી ચીજો - બાબતો - રીતિ - રિવાજો - કલા - પરંપરા - રહેણી - કરણી - મોજ - શોખ - ખાણી - પીણી - ફેશન - બ્યુટી - વસ્ત્ર પરિધાન વગેરે જોવા - જાણવા - માણવ - અનુભવવા મળે છે.



જીવન તરંગ
જયસ્વી પટેલ

- જીંદગીને ગહનતાથી જાણવાની તક : આપણે આપણી દૈનિક જીંદગીમાં એટલા વ્યસ્ત રહીએ છીએ કે, જીંદગી વિશે ગહનતાથી જાણી - સમજી શકતા જ નથી. પરંતુ, સફર દરમિયાન આપણે એ બધી ચીજો વિશે વિચારોને સમજી શકીએ છીએ, કે જેના વિશે પહેલાં આપણે કશું ય વિચાર્યુ જ ન હોતું, ત્યાં સુધી કે આપણે આપણા જીવનના મોટા નિર્ણય વિશે પણ વિચારી લઈએ છીએ, જેની કોઈ આશા પણ ન રાખી હોય...

કળા - સંસ્કૃતિની જાણકારી : સફર દરિમયાન તમે અન્ય સ્થળો - પ્રદેશો - દેશોની કળા - સંસ્કૃતિઓ વિશે જાણો - સમજો છો અને જે - તે જગ્યાની કળા - સંસ્કૃતિ - રીત - રિવાજો - પરંપરા - રહેણી - કરણીને ઐતિહાસિક દ્રષ્ટિકોણથી ખૂબ જ સારી રીતે રૂબરૂ થઈને સમજી - માણી શકો છો ને ત્યાંની ભાષા પણ જાણી શકો છો.

પ્રાકૃતિક વાતાવરણનો અનુભવ : જયારે આપ ફરવા જાવ છો, ત્યારે પ્રાકૃતિક વાતાવરણ અને એના સૌદર્યને સાવ નજીકથી જોઇ - માણી શકો છો, ટ્રાવેલ દરમિયાન એવી ઘણી બધી જગ્યાઓ અને સ્થળો જોવા મળે છે, જેને જોઇને તમે મંત્રમુગ્ધ થઈ જાવ છો અને તમારી યાદોમાં વસાવી લો છો - કાયમને માટે...!

પરિવાર સાથે નિકટતા મળે : કેટલાંક પ્રવાસ એટલા યાદગાર બની રહે છે કે, જેને આપણે કયારે ભૂલી શકતા નથી. જેમ કે પરિવાર સાથે કરાયેલ સફર, આ સમયને તમે વધુમાં વધુ યાદગાર બનાવી શકો છો, અને મોર્ડન ટેકનોલોજીની મદદથી આ યાદોને વારંવાર જીવી શકો છો.

દૂરથી વધે છે પ્રેમ : સામાન્ય રીતે લોકો કહે છે કે, જે ચીજથી આપણે જેટલા દૂર થઈએ છીએ, એટલો જ તેના પ્રત્યે આપણો પ્રેમ વધે છે, એ જ રીતે તમે યાત્રા (સફર) દરમિયાન આપના પરિવારથી દૂર થાવ છો, તો તેમના પ્રત્યે પહેલાં કરતા પ્રેમ વધી જાય છે.

ટેસ્ટ મળે છે વિવિધ સ્વાદનો : સફરનો સૌથી સારો હિસ્સો હોય તો તે છે, ખાણી - પીણી દેશ - પ્રદેશ અનુસાર ત્યાંની ખાણી - પીણીની લિજ્જત માણી શકો છો. ઘરના રોજના ખાવાથી હટકર કઈક નવું જ ખાધા - પીધાનો અનુભવ મળે છે. ને , તે પણ આખી સફર દરમિયાન સવાર - સાંજ - બપોર - રાત, બસ, ખાયે જાવ પ્રભુ કે ગુન ગાયે જાવ. દેશ - પ્રદેશમાં કેવા કેવા ભોજન - ખાણી-પીણી ચાલી રહ્યા છે, તેનો પણ ખ્યાલ આવે છે.

લક્ષ્યોને સમજી શકો છો : થોડા સમય માટે પણ આપ આપની કોલેજ - ઘર કે નોકરીથી દૂર રહેવાને કારણે આપ આપના લક્ષ્યોને ખૂબ સારી રીતે સમજી શકો છો. એકાંતમાં તમે મહેસૂસ કરો છો કે જીવન બહુ નાનું છે, એ દરમિયાન તમારે ઘણા બધા સારા કાર્યો કરવાના છે અને તે પણ નિર્ધારિત સમયમાં, અને તમારા દરેક લક્ષ્યને પણ પહોંચી વળવાનું છે.

(ક્રમશ:)

sanjogpurti@gmail.com



# ઝમકુંનું ખોવાયેલું 'ગોળ-ગોળ'!



એક ઝમકું નામની ખિસકોલી હતી. ઝમકું એટલી ઝડપી દોડતી કે જોનારાની આંખો ચમકી ઊઠે! એ આખો દિવસ 'ઝૂંઉમમમ... ઝૂંઉમમમ..!' કરતી એક ડાળ પરથી બીજી ડાળ અને એક ઝાડ પરથી બીજા ઝાડ પર દોડાદોડ કરતી રહેતી.

ઝમકું બહુ શોખીન હતી. એમાંય એને ખાવાનો ઘણો શોખ! ખાસ કરીને એને ગોળ-ગોળ વસ્તુઓ બહુ ભાવતી. એમાંય એને સૌથી પ્રિય મીઠાં નાનકડાં બોર! એક સવારે ઊઠી અને એને અચાનક યાદ આવ્યું કે એણે ગઈકાલે રાત્રે એનું સૌથી પ્રિય એવું એકદમ લાલચટ્ટાક મોટું ગોળ-ગોળ બોર ક્યાંક સંતાડ્યું હતું. પણ એને એ બોર જડતું નહોતું. એ વિચારવા લાગી,'હમ્મ... ક્યાં સંતાડ્યું હતું? મેં બોર ક્યાં સંતાડયું હતું?'

એણે જ્યારે બોર સંતાડ્યું હતું ત્યારે એ બહુ જ ઊંઘમાં હતી. એને એટલું જ યાદ હતું કે એણે કોઈ 'ગોળ-ગોળ' વસ્તુની બાજુમાં બોર મૂક્યું હતું. ઝમકું તરત જ એ ખોવાયેલા 'ગોળ-ગોળ' બોરને શોધવા નીકળી પડી.

સૌથી પહેલાં એ વડના થડ પાસે ગઈ. ત્યાં એણે એક ભૂખરો પથ્થર જોયો. ઝમકુંએ તરત પથ્થરને પૂછ્યું : 'એય... તું 'ગોળ-ગોળ' છે? કદાચ તું જ મારું ખોવાયેલું લાલચટ્ટાક બોર તો નથી ને! તે રંગ તો નથી બદલ્યો ને!'

પથ્થર જરા હસ્યો ને બોલ્યો, 'અલી ઝમકું, હું ભલે ગોળ-ગોળ છું પણ તને ખબર છે, હું ચાવી ન શકાય તેવો ગોળ-ગોળ કઠણ છું!' 'હમ્મ, તું મારું ખોવાયેલું લાલચટ્ટાક બોર નથી કે તારી બાજુમાંય બોર નથી,' કહીને ઝમકું આગળ દોડી.

પછી એ નીચે કૂદી. ત્યાં એણે એક વાંદરો જોયો. જે આરામથી બેસીને પીળાં કેળાં ખાઈ રહ્યો હતો. ઝમકું વાંદરાને પૂછે છે : 'ઓ ભાઈ, ઓ ભાઈ! તમે મારું એક લાલચટ્ટાક ગોળ-ગોળ બોર જોયું છે?'



રે વાર્તા!
મનીષ સુથાર

વાંદરો બોલ્યો: 'બોર? લાલચટ્ટાક બોર? ના ભાઈ ના, મેં નથી જોયું બોર કે નથી જોઈ બોરડી! મેં તો ખાલી આ ગોળ-ગોળ કેળાં જ ખાધાં છે. જો આ કેળું પણ કેટલું સરસ ગોળ-ગોળ છે!" એમ કહી તે હસતાં-હસતાં બીજું કેળું ખાવા માંડ્યો.'કેળું લાંબુ હોય, ગોળ-ગોળ નહીં!' કહીને ઝમકું ગુસ્સામાં તેની પ્રિય જગ્યા કે જ્યાં જમીન પર એક મોટું ગોળ-ગોળ ફૂલ ખીલેલું હતું ત્યાં પહોંચી ગઈ. ત્યાં ઝમકુંએ એક નાની ગોકળગાયને જોઈ, જે ફૂલ પર ધીમે ધીમે ચાલતી હતી. ગોકળગાયની પીઠ પર એનું ગોળ-ગોળ ઘર હતું.

ઝમકુંએ ઉતાવળે ઉતાવળે કહ્યું, 'અરે, ઓ ધીમા દોસ્ત! તારું આ ઘર કેટલું સરસ ગોળ-ગોળ છે! તેં ક્યાંય મારું લાલચટ્ટાક ગોળ-ગોળ બોર જોયું છે?'

ગોકળગાય ધીમા અવાજે બોલી,'મને... યાદ... નથી... પણ... મારું... ઘર... તારા... બોર... કરતાં... મોટું... ગોળ-ગોળ... છે.'

ઝમકું ઘણુંય ફરી, ઘણુંય દોડી, પણ એને એનું ખોવાયેલું બોર ન મળ્યું તે ન જ મળ્યું. હવે ઝમકું નિરાશ થઈ ગઈ. 'ગોળ-ગોળ વસ્તુઓ તો ઘણીય મળી, પણ મારું ખોવાયેલું બોર ક્યાંય ન મળ્યું! કયું હશે મારું ગોળગોળ લાલચટ્ટાક બોર?'

ઝમકું થાકીને પાછી એના ઘેર આવી. આવીને એણે જોયું કે જ્યાં એ સૂતી હતી, ત્યાં એક ગોળ-ગોળ વસ્તુ પડી હતી. આ એ જ વસ્તુ હતી, જેની બાજુમાં એણે બોર સંતાડ્યું હતું.

'અરે! હું તો બખોલમાં એકદમ ઊંઘી ગઈ હતી! મારી આંખ બંધ હતી, પણ મેં વિચાર્યું કે હું જાગું છું અને મેં મારા નાનકડા બોરને... મારી જ બંધ આંખની બાજુમાં સંતાડ્યું હતું!'

ઝમકું હસવા લાગી. એણે તરત જ બખોલમાંથી એનું લાલચટક બોર કાઢ્યું. એની બાજુમાં જ એક મોટા, ગોળ-ગોળ પાંદડા પર તે પડ્યું હતું.

ઝમકું બોરને જોઈને બોલી:'ઓહ! તું તો કેટલું સુંદર અને ગોળ-ગોળ છે! તને શોધવા હું કેટકેટલું ભટકી આવી! અને તું તો અહીં શાંતિથી પડ્યું છે!' ઝમકુંએ હસતાં-હસતાં એ ગોળ-ગોળ મીઠા બોરને ખાધું અને બીજું બોર શોધ 'ઝૂંઉમમમ... ઝૂંઉમમમ..!' કરતી દોડતી ગઈ!

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

**રક્ષામંત્રી, કેન્દ્રીય મંત્રીઓ, મુખ્યમંત્રીઓ સહિત રાજ્યના મંત્રીઓ જોડાયા**

# સરદાર પટેલની જન્મજયંતિ નિમિત્તે કરમસદથી કેવડિયા સુધી રાષ્ટ્રીય પદયાત્રા યોજાઈ

**રાજકીય મહાનુભાવોના હસ્તે તેજસ્વી છાત્રો અને અગ્રણીઓનું સન્માન કરાયું**



ધારી,તા.૦૨

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે કરમસદથી કેવડિયા સુધીની ઐતિહાસિક રાષ્ટ્રીય પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ અવસર પર યોજાયેલ 'સરદાર ગાથા' કાર્યક્રમમાં કેન્દ્રીય રક્ષા મંત્રી રાજનાથ સિંહ, કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવિયા, ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર ધામી, કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણી, મંત્રી કૌશિકભાઈ વેકરિયા, મંત્રી કુંવરજીભાઈ બાવળિયા, સાંસદ મનસુખભાઈ વસાવા, સાંસદ હેમાંગ જોશી અને ધારાસભ્ય અક્ષયભાઈ સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સુરતથી જીતુભાઈ શેલડિયા, યુવા મોરચના પ્રમુખ પ્રશાંતભાઈ કોરાટ સહિત મોટી સંખ્યામાં યુવાનો આ પદયાત્રામાં જોડાયા હતા. રાજકીય આગેવાનોના હસ્તે ગામના તેજસ્વી છાત્રો અને અગ્રણીઓનું સન્માન તેમજ સરદાર સ્મૃતિ વનમાં વૃક્ષારોપણ કરાયું હતુ.

# રશિયાના રાષ્ટ્રપતિ પુતિનની મુલાકાત પૂર્વે દિલ્હીમાં સુરક્ષા વ્યવસ્થા કડક બનાવાઈ

નવીદિલ્હી,તા.૦૨

રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની ભારત મુલાકાત માટે વ્યાપક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. પુતિનની મુલાકાત પહેલા રાજધાની દિલ્હીમાં સુરક્ષા વ્યવસ્થા કડક કરવામાં આવી છે. પુતિનની સુરક્ષાને વિશ્વમાં સૌથી કડક માનવામાં આવે છે, અને ભારત અને રશિયા બંનેની એજન્સીઓ આ સ્તર જાળવવા માટે સાથે મળીને કામ કરી રહી છે.



વ્લાદિમીર પુતિનની સુરક્ષા માટે તૈનાત રશિયન સ્પેશિયલ પ્રોટેક્શન ટીમ ઘણા દિવસો પહેલા દિલ્હી પહોંચી હતી. આ ટીમ હોટલ, એરપોર્ટ, મીટિંગ સ્થળ અને સમગ્ર રૂટનું શાંતિથી નિરીક્ષણ કરી રહી છે. એવું કહેવાય છે કે આ ટીમ નાના કે મોટા દરેક ખતરાનું મૂલ્યાંકન કરે છે. દરેક રૂમમાં કોણ પ્રવેશ કરશે, કઈ લિફ્ટનો ઉપયોગ કરવામાં આવશે, કયા દરવાજામાં પ્રવેશ કરશે અને કોણ બહાર નીકળશે - બધું મિનિટે મિનિટે નક્કી કરવામાં આવે છે. રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનની મુલાકાત ભારત-રશિયા સંબંધો માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. સંરક્ષણ, ઉર્જા, અવકાશ અને વેપાર જેવા ક્ષેત્રોમાં નવા કરારો થવાની અપેક્ષા છે.

# ધારીના ગઢીયા ગીરમાં આજથી ત્રણ દિવસ મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

ચલાલા,તા.૦૨

ગઢીયા ગીરમાં નવનિર્મિત દાન મહારાજની જગ્યા ખાતે તા. ૩ થી ૫ ડિસેમ્બર દરમિયાન ભવ્ય ત્રિદિવસીય મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરાયું છે. મહંત શ્રી વલકુ બાપુ અને લઘુ મહંત મહાવીર બાપુના આશીર્વાદથી ગણપતિદાદા, અંશાવતાર દાન મહારાજ, મહંત રાવત બાપુ અને જીવકુ બાપુની મૂર્તિઓની પ્રતિષ્ઠા થશે. મહોત્સવના અંતિમ દિવસે, નવનિર્મિત જગ્યાના મહંત હર્ષદ બાપુ ભગતની ચાદર વિધિ અને તિલક વિધિ પણ યોજાશે. ૩ અને ૪ ડિસેમ્બરની રાત્રે લોકપ્રિય કલાકારો સંતવાણી અને લોક ડાયરાની રમઝટ બોલાવશે. આ દિવ્ય પ્રસંગે અનેક સંતો, મહંતો અને રાજકીય તેમજ સામાજિક આગેવાનો ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવશે. સમસ્ત ભગત પરિવાર દ્વારા ભાવિક ભક્તજનોને આ ધાર્મિક લાભ લેવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ઉત્તર ભારતના અનેક રાજયો ઠંડીની ઝપેટમાં, જયારે તામીલનાડુમાં ભારે વરસાદની આગાહી

નવીદિલ્હી,તા.૦૨

રાજધાની દિલ્હીમાં ઠંડીની અસર અનુભવાવા લાગી છે. લોકો સવારે અને સાંજે ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. જોકે, દિવસ દરમિયાન સૂર્યપ્રકાશને કારણે ઠંડીની અસર ઓછી જોવા મળી રહી છે. દિલ્હીનું લઘુત્તમ તાપમાન હવે સિંગલ ડિજિટ પર પહોંચી ગયું છે. આગામી દિવસોમાં ઠંડી વધુ તીવ્ર બનવાની



ધારણા છે. બિહારમાં પણ ઠંડીને કારણે લોકો મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં બિહારમાં તીવ્ર ઠંડી શરૂ થઈ ગઈ છે. મોટાભાગના જિલ્લાઓ ગાઢ ધુમ્મસથી પોતાના દિવસોની શરૂઆત કરી રહ્યા છે. ઘણા વિસ્તારોમાં દૃશ્યતા ૫૦૦ મીટરથી નીચે આવી રહી છે. દરમિયાન, હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, બિહારમાં ઠંડી વધુ તીવ્ર બનવાની તૈયારીમાં છે. આગામી દિવસોમાં તાપમાન વધુ ઘટશે. હવામાન વિભાગે તમિલનાડુ-પોંડીચેરી દરિયાકાંઠે બનેલા ચક્રવાત દિત્વાને કારણે મંગળવાર સવાર સુધી ચેન્નાઈ અને તિરુવલ્લુર જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

# આંતરાષ્ટ્રીય ઓનલાઈન છેતરપિંડી, સટ્ટાબાજી નેટવર્કનો પર્દાફાશ કરતી ઝારખંડ પોલીસ

રાંચી,તા.૦૨

ઝારખંડના અનેક જિલ્લાઓમાં સાયબર ગુનેગારો ઓનલાઈન છેતરપિંડી અને સટ્ટાબાજી દ્વારા લોકોના ખાતામાંથી મોટી રકમ ઉપાડી રહ્યા છે. જોકે, પોલીસની સતત કાર્યવાહીથી આ ઘટનાઓમાં થોડો ઘટાડો થયો છે. આવી જ એક ઘટનામાં, પલામુ પોલીસે હુસેનાબાદમાં કાર્યરત એક મોટા આંતરરાજ્ય ઓનલાઈન છેતરપિંડી અને સટ્ટાબાજી રેકેટનો પર્દાફાશ કર્યો, જેમાં મહાદેવ બેટિંગ એપની ૧૪૧ ફ્રેન્ચાઈઝી ચલાવતા સાત એજન્ટોની ધરપકડ કરવામાં આવી. ૩૦ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ એક સૂચનાના આધારે રચાયેલી એસઆઈટી ટીમ દ્વારા આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીઓ આશરે ૬,૦૦૦ ગ્રાહકો માટે આઈડી ચલાવતા હતા અને આ ફ્રેન્ચાઈઝી દ્વારા દરરોજ ૭ થી ૮ લાખની ગેરકાયદેસર આવક કમાતા હતા. અત્યાર સુધીમાં કરોડો રૂપિયાની છેતરપિંડીની પુષ્ટિ થઈ છે.

# ચલાલાના લાખાપાદર ગામે બ્રાન્ચ પોસ્ટ માસ્તર દ્વારા રૂ.૬૫,૯૫૦ની ઉચાપત

ચલાલા, તા. ૦૨

ચલાલા તાલુકાના લાખાપાદર ગામની બ્રાંચ પોસ્ટ ઓફિસમાં ફરજ બજાવતા બ્રાંચ પોસ્ટ માસ્ટર વિરુદ્ધ ગ્રાહકોના રૂપિયાની ઉચાપત કરવા બદલ પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. પોસ્ટ માસ્ટરે લાંબા સમયગાળા દરમિયાન વીમા પોલિસી અને ટાઈમ ડિપોઝિટના ગ્રાહકો પાસેથી ઉઘરાવેલી રકમ સરકારી હિસાબમાં જમા ન કરાવી અંગત ઉપયોગમાં લીધી હોવાનું સામે આવ્યું હતું. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, લાખાપાદર બ્રાંચ પોસ્ટ ઓફિસના પૂર્વ પોસ્ટ માસ્ટર (આરોપી) દ્વારા તેમના ફરજકાળ દરમિયાન તા. ૦૫/૨૦૧૫ થી તા. ૦૮/૨૦૨૧ના સમયગાળામાં આ નાણાકીય ગેરરીતિ આચરવામાં આવી હતી. આરોપીએ વીમા પોલિસીના બે ધારકો અને ટાઈમ ડિપોઝિટના એક ધારક પાસેથી અલગ-અલગ સમયે કુલ રૂ.૬૫,૯૫૦ની રકમ ઉઘરાવી હતી અને પોસ્ટ વિભાગની બુકોમાં તો તેની નોંધ કરી આપી હતી, પરંતુ પોસ્ટ વિભાગના રજિસ્ટરોમાં તેની નોંધ કરી ન હતી. આમ, ગ્રાહકો પાસેથી ઉઘરાવેલી આ રકમ પોસ્ટ વિભાગના સરકારી હિસાબમાં જમા ન કરાવીને પોસ્ટ માસ્ટરે કુલ રૂ.૬૫,૯૫૦ની રકમની ઉચાપત કરી હતી. પોસ્ટ વિભાગના ગ્રાહકો અને વિભાગ સાથે છેતરપિંડી આચરવા બદલ સંબંધિત અધિકારી દ્વારા પૂર્વ પોસ્ટ માસ્ટર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

# લાઠીમાં જમીનના રસ્તા બાબતે વિવાદમાં મામલતદારની હાજરીમાં જ ખેડૂત પર હુમલો

લાઠી, તા.૦૨

લાઠી તાલુકાના ભાલાવાવ ગામે બે ખેડૂતો વચ્ચે જમીનના રસ્તા બાબતે ચાલી રહેલા વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું.

આ વિવાદનું પંચરોજકામ કરવા માટે નાયબ મામલતદાર અને મહેસૂલ તલાટી હાજર હતા, તે દરમિયાન જ એક ખેડૂત પર હુમલો કરવામાં આવતા ચકચાર મચી જવા પામી હતી.

આ અંગે હાલ સુરતના મોટા વરાછામાં રહેતા મૂળ લાઠીના ભાલાવાવ ગામના બાબુભાઈ ગણેશભાઈ વિરાણી (ઉ.વ. ૪૭)એ તેમના જ ગામના) સુરેશભાઈ ખીમજીભાઈ વિરાણી તથા છગનભાઈ ઉકાભાઈ વિરાણી સામે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, લાઠીના ભાલાવાવ ગામે ફરિયાદીની જમીન સર્વે નં. ૫૦/૧ પૈકી ૧ અને તેની ઉપરની બાજુ આવેલી જમીન સર્વે નં. ૫૦/૨ પૈકી ૩ ના માલિક ઓધાભાઈ હીરજીભાઈ વિરાણી વચ્ચે ઘણા સમયથી જમીનના રસ્તા બાબતે વિવાદ ચાલી રહ્યો છે. આ વિવાદના નિરાકરણ માટે નાયબ મામલતદાર લાઠી અને મહેસૂલ તલાટી મંત્રી સહિતની ટીમ પંચરોજકામ કરવા માટે ઘટનાસ્થળે પહોંચી હતી.

પંચરોજકામ ચાલી રહ્યું હતું તે દરમિયાન, બંને આરોપીઓએ તેમની વાડીના ઝાપા પાસે આવીને તેમને વિવાદવાળા રસ્તા બાબતે જેમ ફાવે તેમ ગાળો આપવાનું શરૂ કર્યું હતું. તેમણે ગાળો બોલવાની ના પાડતા, આરોપી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને તેણે ફરિયાદીને જમણી બાજુની કમરના ભાગે બાવળના લાકડાનો એક ઘા મારી દીધો હતો, જેના કારણે ફરિયાદીને મુંઢ ઈજા થઈ હતી. આ ઉપરાંત બંને આરોપીએ તેમને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

નાયબ મામલતદારની હાજરીમાં જ આ ઘટના બનતા મહેસૂલી ટીમે તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. પોલીસે આ અંગે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ઓપરેશન સિંદૂરને કારણે પાકિસ્તાન આર્થિક બોજના દેવા હેઠળ આવ્યુ : નૌકાદળના વડા

નવીદિલ્હી,તા.૦૨

નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે. ત્રિપાઠીએ મંગળવારે ઓપરેશન સિંદૂર દરમિયાન સુરક્ષા દળો દ્વારા પાકિસ્તાનને થયેલા નુકસાનનો વિગતવાર અહેવાલ શેર કર્યો. નૌકાદળના વડાએ કહ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન નૌકાદળના આક્રમક વલણને કારણે પાકિસ્તાની નૌકાદળને તેના બંદરોની નજીક રહેવાની ફરજ પડી. તેમની વાર્ષિક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન, એડમિરલ ત્રિપાઠીએ કહ્યું કે મે મહિનામાં ભારત દ્વારા શરૂ કરાયેલ ઓપરેશન સિંદૂર હજુ પણ ચાલુ છે અને નૌકાદળે ત્યારથી ઓપરેશનલ તૈયારી જાળવી રાખી છે. પાકિસ્તાન સાથેના તણાવ વચ્ચે, નૌકાદળની દેખરેખ પશ્ચિમ અરબી સમુદ્ર ક્ષેત્રમાં વિસ્તૃત કરવામાં આવી છે. નૌકાદળના વડાએ જણાવ્યું હતું કે ભારતીય



નૌકાદળની આક્રમક વ્યૂહરચના અને ઓપરેશન સિંદૂર દરમિયાન વાહક યુદ્ધ જૂથની તાત્કાલિક તૈનાતીને કારણે પાકિસ્તાની નૌકાદળને મકરાન કિનારે તેના બંદરો નજીક રહેવાની ફરજ પડી હતી. તેમણે ઉમેર્યું હતું કે ઓપરેશન સિંદૂરથી પાકિસ્તાન પર આર્થિક દબાણ વધ્યું છે, કારણ કે મોટી સંખ્યામાં વેપારી જહાજો દેશ છોડી રહ્યા છે. પાકિસ્તાન જતા જહાજો માટે વીમા ખર્ચ પણ વધ્યો છે. એડમિરલ ત્રિપાઠીએ જણાવ્યું હતું કે સ્વદેશી પરમાણુ બેલિસ્ટિક સબમરીન આઈએનએસ અરિદમન ટૂંક સમયમાં નૌકાદળમાં સામેલ કરવામાં આવશે.

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં**

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૨૩/૨૫ તા.૧૫/૦૯/૨૦૨૫

વિવાદી :- શ્રી લાખીબેન કરશનભાઈ મુંધવા
મુ.નાના રાજકોટ, તા.લાઠી, જી.અમરેલી
અરજદારશ્રીના વિ.વ.શ્રી પ્રણવ એચ. જોષી-એડવોકેટ-લાઠી

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદીઃ- જન્મ -મરણ નોંધણી અધિકારી- વ- તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત
મુ.નાના રાજકોટ, તા.લાઠી, જિ.અમરેલી

**જાહેર નોટીસ**

(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. નાના રાજકોટ ગામના રહિશ આ કામના અરજદારશ્રીના પોતાનો લાખીબેન કરશનભાઈ મુંધવાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૩ ના રોજ નાના રાજકોટ તા.લાઠી, જિ. અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય/ જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૧૧/૦૯/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૯/૧૨/૨૦૨૫ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવાં આવશે.

સહી
(એમ.સી.રાજ્યગુરૂ)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

**-:: જાહેર નોટીસ ::-**

**-// કોડીનારના નામદાર મુખ્ય સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મું.- કોડીનાર //-**

દિ.પ.અ.નં.૦૯/૨૦૨૫
મુ.તા.૧૯/૧૨/૨૦૨૫

મકવાણા મેઈબેન માલાભાઈ,
રહે. ડોળાસા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....વાદી

**વિરૂધ્ધ**

કોઈ નહી .....પ્રતિવાદી

**અરજદારના વિ.વકીલ શ્રીઃ- એસ.વાય.સેલોત તથા જે.જે.વેગડ**

આથી જાહેર જનતા જોગ જણાવવાનું કે, ઉપરોકત અરજદારે મકવાણા મેઈબેન માલાભાઈ અત્રેની કોર્ટમાં દિ.પ.અ.નં.૦૯/૨૦૨૫ થી તેમના પુત્ર ને કાનુની રીતે મૃત્યુ પામેલ જાહેર કરવા અરજી કરેલ છે, ઉપરોકત અરજદાર ના ચાર પુત્ર છે. જેમાંથી બીજો નાનો પુત્ર નામે વિનાયક માલાભાઈ મકવાણા જે માછીમારીનો ધંધો કરતો હતો, જે તા.૧૯/૦૨/૨૦૨૦ ના ભદ્રેશભાઈ રામજીભાઈ ની બોટ 'ધનપ્રસાદ' જેના રજી.નં.ઈન્ડીયા દિવ ડી.ડી. -૦૨-એમ-એમ-૫૪૮ છે, તેમા અ તેમના અન્ય માછીમાર મિત્રો સાથે માછીમારી કરવા ગયેલ અને ત્યારથી આજદિન સુધી તેમનો કોઈ પતો નથી. તેઓ તા.૨૨/૦૨/૨૦૨૦ ના રોજ ગુમ થઈ ગયાની જાણ ગીરીશભાઈ નામના વ્યક્તિ દ્વારા તા.૨૫/૦૨/૨૦૨૦ ના રોજ ફોન દ્વારા કરવામાં આવેલ. આજદિન સુધી પરત આવેલ નથી, કે કોઈ ખબર અંતર પણ મળેલ નથી તેને ગુમ થયે પાંચ વર્ષ વીતી ગયા છે. તેઓ દરિયામાં ગુમ થયેલ હોવાથી અમોને તેમના મૃત્યુ અંગેનુ પ્રમાણપત્ર પણ મળી રહ્યુ નથી.

જેથી વાદીએ અત્રેની નામદાર અદાલત સમક્ષ આ કામના વાદીના પુત્ર મૃત્ય પામેલ છે, તેવુ જાહેર કરવા, તથા હાલના દાવાને અનુલક્ષીને વાદીની તરફેણમાં મળી શકતી તથા લાગુ પડતી અન્ય તમામ સઘળી અને કાયદેસર દાદ આપવા અરજ કરેલ છે. જે સામે જે કોઈ શખ્સો એ વાંધા તકરાર લેવાના થતા હોય તેઓએ અત્રેની અદાલતમાં મુ.તા.૧૯/૧૨/૨૦૨૫ ના રોજ સવારે ૧૦:૪૫ કલાકે જાતે અથવા વકીલ કે મુખ્યાતર મારફત હાજર રહી વાંધા તકરાર રજૂ કરવા, તેમ કરવામાં કસૂર થયે અને મુદત વીત્યે આગળની કાયદાનિર્દિષ્ઠ કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૭, નવેમ્બર સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

| તૈયાર કરનાર | | તપાસનાર | હુકમથી |
| --- | --- | --- | --- |
| સહી, (જે.જે.ઝાલા) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | સહી, (એ.જી.ચૌહાણ) બેન્ક કલાર્ક | સહી, (કે.એચ.બારડ) રજીસ્ટ્રાર, મુખ્ય સિનિયર સિવિલ કોર્ટ, કોડીનાર |


**CHANGE OF NAME**

I Undersigh I RATHOD RAJIVBHAI RASIKBHAI have changed my name from RATHOD RAJIV RASIKBHAI To RATHOD RAJIVBHAI RASIKBHAI Now i will be known as RATHOD RAJIVBHAI RASIKBHAI
Sigh :RATHOD RAJIVBHAI RASIKBHAI
Address: ADARSH NAGAR, AT-CHITAL-DIS-AMRELI-3656601

**CHANGE OF NAME**

I Undersigh I MUNJPARA KRUSHNAKANT RAMESHBHAI I have changed my name from MUNJPARA KRUNSHKANT RAMESHCHANDRA To MUNJPARA KRUSHNAKANT RAMESHBHAI Now i will be known MUNJPARA KRUSHNAKANT RAMESHBHAI
Sigh :MUNJPARA KRUSHNAKANT RAMESHBHAI
Address: MADHUVAN, BLOCK NO-27, SHIV RASIDANCY, OPP KHARAVADI, LILIYA ROAD, AT-AMRELI- 365601


**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટસાહેબ ગીરગઢડાની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ.નં. 141/2025

**પ્રતિ**
શ્રી ગુણાભાઈ ટપુભાઈ ગુજજર,
રહે. ધોકડવા, ગામ-ધોકડવા, તાલુકો- ગીરગઢડા
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, આર.વી.સોલંકી ગીરગઢડા ........અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ- મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ધોકડવા, તા.ગીરગઢડા,
જિ.ગીરસોમનાથ ....સામાવાળા

**-:જાહેર નોટીસ:-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના **ધોકડવા** ગામના રહીશ ગુણાભાઈ ટપુભાઈ ગુજજર તથા શાંતુબેન ગુણાભાઈ ગુજજરના પુત્ર દિનેશભાઈ ગુણાભાઈ ગુજજરનો જન્મ તારીખ **01/06/1987** ના રોજ ગીરગઢડા તાલુકાના **ધોકડવા** ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, ધોકડવા, તાલુકો-ગીરગઢડા સને.**1987** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૬/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૬/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી,
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ગીરગઢડા

**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટસાહેબ ગીરગઢડાની કોર્ટમાં //-**

નં.જન્મ-મરણ કેસ.નં. 137/2025

**પ્રતિ**
શ્રી ,માનસિંગભાઈ ગોવિંદભાઈ રાઠોડ,
રહે. બોડીદર, ગામ-બોડીદર, તાલુકો- ગીરગઢડા
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, જી.પી. રાઠોડ કોડીનાર ........અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ- મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, બોડીદર, તા.ગીરગઢડા,
જિ.ગીરસોમનાથ ....સામાવાળા

**-:જાહેર નોટીસ:-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીરગઢડા તાલુકાના **બોડીદર** ગામના રહીશ માનસિંગભાઈ ગોવિંદભાઈ રાઠોડ તથા મીનાબેન માનસિંગભાઈ રાઠોડના પુત્રી નિર્મળાબેન માનસિંગભાઈ રાઠોડનો જન્મ તારીખ **01/06/1987** ના રોજ ગીરગઢડા તાલુકાના **બોડીદર** ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, બોડીદર, તાલુકો-ગીરગઢડા સને.**1987** ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૧/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યા.

સહી,
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
ગીરગઢડા

**મામલતદાર અને એકઝીક્યુટિવ મેજિસ્ટ્રેટની કચેરી, ભેંસાણ**

**-:: જાહેર નોટીસ ::-**

કેસ.નં.જન્મ-મરણ/૪૧/૨૦૨૫

શ્રી મુકેશભાઈ મોહનભાઈ પરમાર,
મું.સામતપરા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ ........વાદી

**વિરૂધ્ધ**

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - સામતપરા,
તા.ભેંસાણ, જી-જુનાગઢ .....પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી મુકેશભાઈ મોહનભાઈ પરમારનો જન્મ તા.૦૩/૦૬/૧૯૮૪ના રોજ ગામ/મોજેઃ સામતપરા, તા.ભેંસાણ, જિ.જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે અરજદારશ્રીની જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી- સામતપરા, તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૨૯મી માહે : નવેમ્બર સને : ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(આઈ.આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેંસાણ

# રાજ્યમાં મતદાર ફોર્મ ડિજિટાઈઝેશનની કામગીરીમાં અમરેલી જિલ્લો ટોપ-૧૦માં પણ નહી

**પછાત ગણાતા જિલ્લાઓ ડિજિટાઈઝેશનની કામગીરીમાં અવ્વલ**

અમદાવાદ,તા.૦૨

ગુજરાતમાં ૨૦૨૫ની મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ પૂરજોશમાં ચાલી રહી છે, આ ઝુંબેશમાં ૧૧મી ડિસેમ્બર સુધી ચાલશે. મુખ્ય નિર્વાચન અધિકારી હારીત શુક્લાની આગેવાનીમાં ચાલી રહેલી આ પ્રક્રિયામાં ફોર્મના ડિજિટાઈઝેશન (અંકીયકરણ)ની કામગીરીમાં ડાંગ જિલ્લો રાજ્યભરમાં મોખરે રહ્યો છે. જો કે, આ યાદીમાં અમદાવાદ, સુરત અને રાજકોટ જેવા મહાનગરોનો સમાવેશ થયો નથી. મતદાર યાદીમાં નોંધાયેલા ૫ કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ થયા બાદ, પરત મળેલા ફોર્મને ડિજિટાઈઝ કરવાની કામગીરી ચાલી રહી છે. ત્યારે ડાંગ જિલ્લો ૯૩.૫૫ ટકા ગણતરી ફોર્મના ડિજિટાઈઝેશન સાથે રાજ્યના ૩૩ જિલ્લાઓમાં નંબર એક પર રહ્યો છે. જ્યારે અમરેલી, અમદાવાદ, સુરત અને રાજકોટ જિલ્લાઓ ટોપ-૧૦ જિલ્લાઓની યાદીમાં સ્થાન મેળવી શક્યા નથી. રાજયમાં ટોપ ટેન જિલ્લાઓની વાત કરીએ તો ગીર સોમનાથ, છોટા ઉદેપુર, બનાસકાંઠા, સાબરકાંઠા, મોરબી, મહીસાગર પંચમહાલ, અરવલ્લી અને સુરેન્દ્રનગરનો સમાવેશ થાય છે. રાજ્યમાં કુલ ચાર વિધાનસભા મતવિસ્તારમાં ડિજિટાઈઝેશનની કામગીરી ૧૦૦ ટકા પૂરી થઈ ચુકી છે. ગણતરી દરમિયાન રાજ્યભરમાં ૧૬ લાખ જેટલા અવસાન પામેલ મતદારો મતદાર યાદીમાં સામેલ હતા. જ્યારે ૪.૪૦ લાખથી વધુ મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા, સાથોસાથ ૨૩ લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું ધ્યાને આવ્યું છે. આ ઉપરાંત ૨.૮૨ લાખથી વધુ મતદારો રિપીટેડ હોવાનું ધ્યાનમાં આવ્યું છે.

# રાજયની જીવાદોરી સમાન ગણાતી ૧૦ નદીઓ પ્રદુષિત હોવાના જાહેર થયેલા રીપોર્ટથી ખળભળાટ

અમદાવાદ,તા.૦૨



ગુજરાતની જીવનરેખા સમાન નદીઓ આજે ગંભીર પ્રદૂષણનો સામનો કરી રહી છે. તાજેતરમાં ઓક્ટોબર-૨૦૨૫માં જાહેર થયેલા એક રિપોર્ટ મુજબ, રાજ્યની કુલ ૨૫ નદીઓમાં પાણીની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવી હતી, જેમાં હૃદયદ્રાવક હકીકત સામે આવી છે. આ રિપોર્ટ દર્શાવે છે કે રાજ્યની ૧૦ નદીઓ પ્રદૂષિત હાલતમાં છે, અને તેમાંથી ૪ નદીઓ તો 'પ્રાયોરિટી-૧' એટલે કે સૌથી અત્યંત પ્રદૂષિત શ્રેણીમાં આવે છે. નદીઓના શુદ્ધિકરણ માટે સરકારે અનેક યોજનાઓ હેઠળ કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો હોવા છતાં, પરિણામ સંતોષકારક નથી. આ રિપોર્ટ સૂચવે છે કે નદીઓના શુદ્ધિકરણ પાછળ થયેલો ખર્ચ આખરે પાણીમાં ગયો છે. તપાસ દરમિયાન નદીઓના પાણીમાં બાયોકેમિકલ ઓક્સિજન ડિમાન્ડ લેવલ ઘણું વધારે હોવાનું સામે આવ્યું છે, જે ઔદ્યોગિક અને શહેરી કચરાના સીધા નિકાલને કારણે થતા ગંભીર જળ પ્રદૂષણનો સ્પષ્ટ સંકેત આપે છે.રાજ્યની ૧૦ પ્રદૂષિત નદીઓમાં સાબરમતી, ભાદર, ખારી, અમલખાડી, ઢાઢર, વિશ્વામિત્રી, મિંઢોળા, શેઢી, અમરાવતી અને ભોગાવો નદીઓ સામેલ છે. આ ૧૦માંથી ૪ નદીઓ તો અત્યંત પ્રદૂષિત સ્થિતિમાં છે અને પ્રાયોરિટી-૧ની યાદીમાં છે, જેમાં સાબરમતી, અમલખાડી, ખારી અને ભાદર નદીનો સમાવેશ થાય છે.

# બિલ્ડર શૈલેષ ભટ્ટ પાસે ખંડણી માગવાના ગૂન્હામાં ૯ પોલીસ કોન્સ્ટેમ્બલને જામીન આપતી હાઈકોર્ટ

**પૂર્વ ધારાસભ્ય નલીન કોટડીયાને હાઈકોર્ટમાંથી રાહત નહી**

અમદાવાદ,તા.૦૨

સુરતના બિલ્ડર શૈલેષ ભટ્ટનું અપહરણ કરી ૧૭૬ બિટકોઈન ટ્રાન્સફર કરવા અને ૩૨ કરોડની ખંડણી માગવાના ગુન્હામાં ભાજપના પૂર્વ **MLA** નલિન કોટડિયા સહિત ૧૪ આરોપીને દોષિત ઠરાવી અમદાવાદ **ACB** કોર્ટે આજીવન કેદની સજા કરવામાં આવી હતી. જે મામલે તમામ દોષિતોએ ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી ચુકાદાને પડકાર્યો છે. સાથે જ જામીન અરજી મૂકી હતી. જે પૈકી ગુજરાત હાઈકોર્ટે પહેલા અધિકારીઓના આદેશ ઉપર કામ કરનારા ૯ પોલીસ કોન્સ્ટેબલ વિજય વાઢેર, બાબુ ડેર, સંજય પદમણી, મયુર માંગરોળીયા, પ્રતાપ ડેર, જગદીશ ઝણકાટ, સુરેશ ખુમાણ, નૂર શિરામાણ અને ઉમેદ કુમાર મહેતાને જામીન આપ્યા છે. ઉલ્લેખનીય છે કે નૂર શિરમાણનું કેન્સરથી મૃત્યુ નિપજ્યું છે. જ્યારે પૂર્વ ધારાસભ્ય નલીન કોટડીયાને હાઈકોર્ટમાંથી રાહત મળી નહી.

# અમદાવાદના સરખેજ વિસ્તારમાંથી સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી એસએમસીએ ૧.૨૦ કરોડનો દારૂ ઝડપ્યો

અમદાવાદ,તા.૦૨



અમદાવાદ સરખેજ વિસ્તારમાંથી અધધ ૧ કરોડ ૨૦ લાખનો દારૂ ઝડપાયો છે અને એમાં પણ ચોંકાવનારી વાત એ છે કે, સ્થાનિક સરખેજ પોલીસ ઊંઘતી રહી અને એસએમસી(સ્ટેટ મોનિટરિંગ સેલ) આ સફળ કાર્યવાહી કરી ગઈ છે. એસએમસીને ખાનગી બાતમીદારો પાસેથી માહિતી મળી હતી કે, કરોડો રૂપિયાના દારૂ ભરેલું એક કન્ટેનર અમદાવાદના સરખેજ વિસ્તારમાં પસાર થવાનું છે, જે બાદ એસએમસીએ વોચ ગોઠવી એક શંકાસ્પદ કન્ટેનરને રોક્યું હતું અને તપાસ શરૂ કરતા તેમને આ મોટી સફળતા મળી છે. સ્ટેટ મોનિટરિંગ સેલે આ શંકાસ્પદ કન્ટેનરને રોકી તેની તપાસ કરતા કોઈ અન્ય વસ્તુની આડમાં લઈ જવાતો દારૂનો મોટા પ્રમાણમાં જથ્થો પકડી પાડ્યો છે. પકડાયેલા આ દારૂના જથ્થાની ગણતરી કરતા અધધ ૧ કરોડ ૨૦ લાખ રૂપિયાનો દારૂ હોવાનું જણાઈ આવ્યું છે. જે બાદ એસએમસીએ આ કરોડોના દારૂ સાથે કન્ટેનરને જપ્ત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, ત્યારે આ કેસમાં ૬ આરોપીઓ ફરાર હોવાનું હાલ સામે આવ્યું છે.

# જમ્મુ અને કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહાએ સોમનાથ મહાદેવને શીશ ઝુકાવ્યું

ગીરસોમનાથ,તા.૦૨

જમ્મુ અને કાશ્મીરના ઉપરાજ્યપાલ (લેફ્ટનન્ટ ગવર્નર) મનોજ સિંહા ગીર સોમનાથ જિલ્લાની બે દિવસની મુલાકાતે છે. ઉપરાજ્યપાલ મનોજ સિંહાએ દ્વાદશ જ્યોતિર્લિંગમાંથી પ્રથમ જ્યોતિર્લિંગ દેવાધિદેવ મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. સૌ પ્રથમ ઢોલ અને શરણાઈના સૂર વચ્ચે ઉપરાજ્યપાલનું મંદિરના પ્રાંગણમાં ઉષ્માસભર સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉપરાજ્યપાલે મહાદેવના દર્શન કરી સૂર્યાસ્ત બાદ દેવાધિદેવ મહાદેવની દિવ્ય સંધ્યા આરતીનો લાભ લીધો હતો. સાથે જ તેમણે સોમનાથની દિવ્યતા અને ભવ્યતા પ્રત્યક્ષ નિહાળી અને અલૌકિક ઉર્જાનો અનુભવ કર્યો હતો. મહાદેવના દર્શન બાદ ઉપરાજ્યપાલે સમગ્ર પરિસરમાં પ્રદક્ષિણા કરી હતી, અને કપર્દી વિનાયક ગણપતિજી સહિત પરિસરમાં રહેલા વિવિધ સ્થાનો વિશે વિસ્તારમાં માહિતી મેળવી હતી. ઉલ્લેખનીય છે કે, બપોર બાદ ઉપરાજ્યપાલ ઈણાજ કોસ્ટગાર્ડ હેલીપેડ ખાતે આવી પહોંચ્યા હતા.

# રાજ્યના અમુક વિસ્તારોમાં હવા પ્રદુષિત બનતા શરદી, ઉધરસના દર્દીઓમાં જોરદાર ઉછાળો

રાજકોટ,તા.૦૨

છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં શરદી-ઉધરસ અને તાવના દર્દીઓમાં વધારો નોંધાઈ રહ્યો છે. પ્રદુષણનું પ્રમાણ શહેરના અમુક વિસ્તારોમાં વધ્યું છે. જેને કારણે શરદી-ઉધરસનાં કેસોમાં વધારો થતો હોવાનું નિષ્ણાંતોનું કહેવું છે. જોકે શિયાળામાં સવારના સમયમાં પ્રદુષણનું પ્રમાણ વધુ હોવાનું સ્વાભાવિક છે. જેને લઈ વહેલી સવારે બહાર નીકળતા લોકોએ માસ્ક પહેરવું હિતાવહ હોવાનું મનપાનાં પર્યાવરણ ઈજનેર પ્રજેશ સોલંકીએ જણાવ્યું હતું. તેમજ લોકોએ ડરવાની નહીં પરંતુ સાવચેત રહેવાની જરૂર હોવાનું જણાવ્યું હતું. આરોગ્ય વિભાગે સાપ્તાહિક રોગચાળાનાં આંકડાઓ જાહેર કર્યા હતા. આમ શરદી-ઉધરસ અને સામાન્ય તાવના દર્દીઓ વધ્યા હોવાનું સાપ્તાહિક રોગચાળાનાં આંકડાઓ દર્શાવે છે.

# ગાંધી-સરદાર પટેલના ગુજરાતમાં ગુનાખોરી સામે મહિલાઓ રસ્તાર પર ઉતરી : રાહુલ ગાંધી

અમદાવાદ,તા.૦૨



કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર કરેલી પોસ્ટથી ગુજરાતની રાજનીતિમાં ગરમાવો આવ્યો છે. રાહુલ ગાંધીએ પોતાની પોસ્ટમાં ગુજરાતની દારૂ નીતિ, ડ્રગ્સના વધતા વેપાર, ગુનાખોરી અને ખેડૂતોના પ્રશ્નોને આકરા પ્રહાર સાથે ઉઠાવ્યા છે. રાહુલ ગાંધીએ ભારપૂર્વક જણાવ્યું છે કે કોંગ્રેસની 'જન આક્રોશ યાત્રા' દરમિયાન ગુજરાતની મહિલાઓ દારૂ અને રાજ્યમાં વ્યાપક બની રહેલી ગુનાખોરી અંગે પોતાનો અવાજ ઉઠાવી રહી છે. ગાંધી અને સરદારની ભૂમિ ગણાતા ગુજરાતના યુવાઓનું ભવિષ્ય ડ્રગ્સ અને અપરાધની અંધારી દુનિયામાં ધકેલાઈ રહ્યું છે. મહિલાઓ રસ્તાઓ પર આવીને વિરોધ કરી રહી છે, કારણ કે અપરાધીઓને કથિત રીતે સત્તાનું સંરક્ષણ મળી રહ્યું છે." રાહુલ ગાંધીએ સીધો સવાલ ઉઠાવ્યો છે કે, "ભાજપના એ કયા મંત્રી છે, જેમના સંરક્ષણમાં આ બધું ચાલી રહ્યું છે?" અને સાથે જ પ્રશ્ન કર્યો છે કે, "ગુજરાત પૂછી રહ્યું છે કે રાજ્યના ગદ્દારોને કેમ બચાવવામાં આવે છે?" ડ્રગ્સ અને ગુનાખોરીના મુદ્દાની સાથે રાહુલ ગાંધીએ ખેડૂતોની બરબાદીનો મુદ્દો પણ જોરશોરથી ઉઠાવ્યો છે. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતના ખેડૂતોની ખેતી અતિવૃષ્ટિ અને પૂર જેવી કુદરતી આફતોથી બરબાદ થઈ છે.






# અમરેલી ખાતે રવિવારના રોજ આમ આદમી પાર્ટી દ્વારા કિસાન મહાપંચાયત

**બપોરના ૩ કલાકે સીનીયર સીટીઝન પાર્ક ખાતે આપ આગેવાનો સભાને સંબોધશે**

અમરેલી, તા.૦૨

ગુજરાતમાં આમ આદમી પાર્ટી દ્વારા કિસાન મહાપંચાયત યોજવામાં આવી રહી છે. જેમાં રાજ્યમાં દારૂ-ડ્રગ્સ, માર્કેટીગ યાર્ડમાં કડદા પ્રથા, યુવાનોમાં બેરોજગારીનું વધતુ જતું પ્રમાણ, કથળતી કાયદો વ્યવસ્થા સહિતના મુદ્દે રાજ્ય સરકારને ઘેરવાની તૈયારી કરવામાં આવશે.

અમરેલી ખાતે તા. ૦૭ ડિસેમ્બરના રોજ બપોરના ૩ કલાકે સીનીયર સીટીઝન પાર્ક સેન્ટર પોઈન્ટમાં આમ આદમી પાર્ટી દ્વારા કિસાન મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું છે. આ કિસાન મહાપંચાયતમાં આપના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા, સુધીરભાઈ વાઘાણી, હેમંતભાઈ ખવા અને સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, સાગરભાઈ રબારી, રાજુભાઈ સોલંકી, યુવરાજસિંહ જાડેજા, બ્રિજરાજભાઈ સોલંકી, કાંતિભાઈ સતાસીયા, જિલ્લા પ્રમુખ નિકુંજભાઈ સાવલીયા, મહામંત્રી હિરેનભાઈ વીરડીયા સહિતના આપ આગેવાનો ઉપસ્થિત રહેશે.








